ચાલુ વર્ષના અંતે રાજ્ય સરકારની ₹ 19,600.53 કરોડની રોકડ પુરાંત પાછલા વર્ષ કરતાં ₹ 3,071.31 કરોડનો વધારો (18.58 ટકા) દર્શાવતી હતી. ₹ 19,600.53 કરોડની રોકડ પુરાંત પૈકી ₹ 5,198.09 કરોડનું ભારત સરકારના તિજોરી બિલોમાં રોકાણ કરવામાં આવ્યુ હતું જેનું ચાલુ વર્ષમાં ₹ 234 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 11,686.39 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યુ હતું જેમાંથી ₹ 985 કરોડનું વ્યાજ પ્રાપ્ત થયું હતું.

[42] 2018-19 અને 2017-18 દરમિયાન ડૂબત ભંડોળના રોકાણ પર (નિયમિત મૂડીરોકાણ સાથે મળેલુ) અનુક્રમે ₹ 985 કરોડ અને ₹ 694 કરોડનું વ્યાજ મળ્યુ હતું આથી ₹ 234 કરોડ અને ₹ 554 કરોડ ના રોકડના રોકાણ પર વ્યાજ મુખ્ય સદર 0049 હેઠળ સામેલ કરવામાં આવ્યુ ન હતું.

2018-19 દરમિયાન પૂરતી રોકડ પુરાંતના લીધે, રાજ્ય સરકારે તેની લઘુત્તમ રોકડ પુરાંત જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક પાસેથી કોઇ સાધનોપાલય પેશગી લીધી ન હતી.

વધુમાં, મુખ્ય સદર "8670-ચેક અને બિલ" એ વ્યવહારોની શરૂઆતમાં નોંધ કરવા માટેનો વચગાળાનો હિસાબ છે જે છેવટે દૂર કરવાનો હોય છે. આ મુખ્ય સદર હેઠળની બાકી સિલકો વટાવવાના બાકી ચેકોની રકમ દર્શાવે છે જે 31 માર્ચ 2019 ના રોજ ₹ 2,489.80 કરોડ હતી.

આથી, 31 માર્ચ 2019 ના રોજ રાજ્ય સરકારનીં પરિણામી અસરકારક રોકડ પુરાંત ₹ 4,406.13 કરોડ[43] હતી જે વર્ષ દરમિયાન રાજ્ય સરકારના કુલ ખર્ચના (₹ 1,62,583 કરોડ) 2.71 ટકા હતી.

1.9 અસ્ક્યામતો અને જવાબદારીઓ

1.9.1 અસ્ક્યામતો અને જવાબદારીઓ ની રચના અને વૃધ્ધિ

હાલની સરકારી હિસાબી પધ્ધતિમાં, સરકારની માલિકીના જમીન અને મકાનો જેવી સ્થાયી અસ્ક્યામતોનો સર્વગ્રાહી હિસાબ રાખવામાં અવતો નથી. આમ છતાં, સરકારી હિસાબોમાં સરકારની નાણાકીય જવાબદારીઓ અને કરવામાં આવેલા ખર્ચમાંથી ઉભી કરવામાં આવેલી અસ્ક્યામતો નોંધવામાં આવે છે. **પરિશિષ્ટ 1.3** માં 31 માર્ચ 2018 ના રોજની અનુરૂપ સ્થિતિ સાથેની સરખામણીએ 31 માર્ચ 2019 ના રોજની આવી જવાબદારીઓ અને અસ્ક્યામતોની તારીજ દર્શાવે છે. આ પરિશિષ્ટમાં જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઉધારી, ભારત સરકારની લોન અને પેશગીઓ, જાહેર હિસાબ અને અનામત ભંડોળમાંથી થતી આવકનો સમાવેશ થાય છે જ્યારે અસ્ક્યામતોમાં મુખ્યત્વે મૂડી જોગવાઇ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ અને રોકડ સિલકોનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નમૂના ખ-2(ક) માં જાહેર કર્યા મુજબ, રાજ્ય સરકારની જવાબદારીઓમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છેઃ

(i) રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપવામાં આવેલી વિશેષ બાંયધરીઓ
(ii) કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ
(iii) બજારની લોન
(iv) નાણાકીય સંસ્થાઓ/બેંકો પાસેથી લોન
(v) ભારતીય રિઝર્વ બેંક પાસેથી સાધનોપાલય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ
(vi) નાની બચત, સરકારી કર્મચારીઓનું ભવિષ્ય નિધિ વગેરે
(vii) પેન્શનની જવાબદારીઓ
(viii) અનામત ભંડોળ/થાપણો અને અન્ય કર્મચારીઓના ભવિષ્ય નિધિ
(ix) અન્ય જવાબદારીઓ

[43] રોકડ સિલક (₹ 19,600.53 કરોડ) – અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ (₹ 12,704.60 કરોડ) – "ચેક અને બિલ" હેઠળ ચડત સિલક (₹ 2,489.80 કરોડ)

1.9.2 રાજકોષીય જવાબદારીઓ

રાજ્યની ચડત રાજકોષીય જવાબદારીઓ 2014-15 માં ₹ 2,02,313 કરોડ હતી તે 9.03 ટકાના સંયુક્ત વાર્ષિક વૃધ્ધિના દરે વધીને 2018-19 માં ₹ 2,85,844 કરોડ થઇ હતી. 2018-19 માં, રાજકોષીય જવાબદારીઓ પાછલા વર્ષની સરખામણીએ 11.50 ટકાના દરે વધી હતી. GSDP, મહેસૂલી આવક અને પોતાના સંસાધનોના સાપેક્ષે રાજકોષીય જવાબદારીઓના વલણો **કોઠો 1.33** માં દર્શાવ્યા છે.

કોઠો: 1.33: - રાજકોષીય જવાબદારીઓ-મૂળભૂત પરિમાણો

રાજકોષીય પરિમાણો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
રાજકોષીય જવાબદારીઓ (₹ કરોડમાં)	2,02,313	2,21,090	2,43,146	2,56,366	2,85,844
પાછલા વર્ષની સામે વૃધ્ધિ (ટકા માં)	10.52	9.28	9.98	5.44	11.50
ની સામે રાજકોષીય જવાબદારીઓનો ગુણોત્તર					
GSDP (ટકા માં) [14મા નાણા પંચ દ્વારા નિયત લક્ષ્યાંકો]	25.97	25.91	25.87	25.83	25.79
GSDP (ટકા માં) [ખરેખર મૂલ્યો]	21.95	21.49	21.08	19.50	19.04
મહેસૂલી આવક (ટકા માં)	220	227	221	208	210
પોતાના સ્ત્રોતો (ટકામાં)	285	304	313	296	306

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

પાછલા વર્ષની સામે ચાલુ વર્ષ દરમિયાન રાજકોષીય જવાબદારીઓનું બંધારણ નીચે **ચાર્ટ 1.13 અને 1.14** માં રજુ કરેલ છે.

ચાર્ટ 1.13:
31-03-2018 ના રોજની ચડત રાજકોષીય જવાબદારીઓનું બંધારણ (₹ કરોડમાં)

ચાર્ટ 1.14:
31-03-2019 ના રોજ રાજકોષીય જવાબદારીઓનું બંધારણ (₹ કરોડમાં)

કૌંસમાં આંકડા હિસ્સાની ટકાવારી દર્શાવે છે.

ચાર્ટ 1.14 દર્શાવે છે કે નાણાકીય વર્ષ 2017-18 ના અંતે રાજ્ય સરકારની ચડત રાજકોષીય જવાબદારીઓમાં ₹ 2,32,875 કરોડ (81 ટકા) નું આંતરિક ઋણ, ₹ 45,539 કરોડ (16 ટકા) નો જાહેર હિસાબ અને ₹ 7,430 કરોડ (ત્રણ ટકા) ની ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થતો હતો. આંતરિક ઋણમાં મુખ્યત્વે બજાર લોન (₹ 1,79,324 કરોડ) અને NSSF ને આપેલી વિશેષ જામીનગીરીઓ (₹ 39,385 કરોડ) સામેલ હતી.

2018-19 ના અંતે રાજકોષીય જવાબદારીઓ મહેસૂલી આવકના (₹ 1,36,002 કરોડ) 210 ટકા (₹ 2,85,844 કરોડ) જેટલી અને રાજ્યના પોતાના સંસાધનો કરતાં ત્રણ ગણા કરતાં વધારે (₹ 93,520 કરોડ) રહી હતી.

પાંચ વર્ષના સમયગાળા (2014-19) દરમિયાન, GSDP ની સામે ચડત રાજકોષીય જવાબદારીઓનો ગુણોત્તર 2014-15 માં 21.95 ટકા હતો તે ઘટીને 2018-19 માં 19.04 ટકા થયો હતો. આ ગુણોત્તર 14 મા નાણાપંચના રાજકોષીય એકત્રીકરણ માર્ગરેખામાં અનુમાન કરેલા 25.83 ટકાના ગુણોત્તરની અંદર હતો. રાજ્યની ચડત રાજકોષીય જવાબદારીઓના વલણો **પરિશિષ્ટ 1.5** માં રજૂ કર્યા છે.

1.9.3 અનામત ભંડોળ હેઠળના વ્યવહારો

2018-19 દરમિયાન ચોક્કસ હેતુઓ માટે 15 અનામત ભંડોળો અંકિત કરેલા હતા જે પૈકી પાંચ ભંડોળ ₹ 2.11 કરોડની સિલક સાથે નિષ્ક્રિય[44] હતા. 31 માર્ચ 2019 ના રોજ આ ભંડોળોમાની કુલ સંચિત રાશી ₹ 15,503.28 કરોડ હતી જેમાંથી ₹ 12,704.26 કરોડનું રોકાણ કરવામાં આવ્યુ હતું.

1.9.3.1 *એકત્રિત ડૂબત ભંડોળ*

રાજ્ય સરકારે ચડત જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04 માં એકત્રિત ડૂબત ભંડોળ (CSF) નું ગઠન કર્યું હતું. ભારતીય રિઝર્વ બેંકે, જે આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે તેણે, નાણાકીય વર્ષ 2007-08 થી સરકારની જવાબદારીઓ (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સામેલ કરવા માટે CSF નો વ્યાપ વધારવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. ઉપરાંત, રાજ્ય સરકારે CSF માટે જારી કરેલા છેલ્લી માર્ગદર્શિકા (2017-18) મુજબ ભંડોળનો લઘુત્તમ કોષ વર્ષ 2018-19 થી રાજ્યની ચડત જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ તેને રોલીંગના આધારે નિભાવવાનો હોય છે.

2018-19 દરમિયાન CSF **માં** ₹ 223.50 કરોડ જેટલો ઓછો ફાળો જમા થયો હતો, કારણ કે ₹ 12,818.32 કરોડના લઘુત્તમ કોષના સામે ભંડોળમાં બંધ સિલક ₹ 12,594.82 હતી. રાજ્ય સરકારે 2018-19 દરમિયાન ₹ 985.05 કરોડનું સંચિત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

---

[44] 1999-2000 થી ચાર ભંડોળો (₹ 2.10 કરોડ) અને 2014-15 થી એક ભંડોળ (₹ 0.01 કરોડ)

1.9.3.2 *રાજ્ય સંકટ નિવારણ ભંડોળ*

13 મા નાણાપંચની ભલામણો અનુસાર, રાજ્ય સરકાર 2011-12 થી રાજ્ય સંકટ નિવારણ ભંડોળ (SDRF) નું સંચાલન કરતી હતી. ભારત સરકારની માર્ગરેખા (સપ્ટેમ્બર 2010) મુજબ ભંડોળમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25 ના પ્રમાણમાં ફાળો આપવાનો હતો.

01 એપ્રિલ 2018 ના રોજ, ભંડોળમાં ₹ 2,355.12 કરોડની ખુલતી સિલક હતી. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 518.34 કરોડ (₹ 449.95 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 68.39 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યા હતા. ₹ 2873.46 કરોડની ઉપલબ્ધ કુલ સિલકમાંથી વર્ષ દરમિયાન ₹ 1,368.93 કરોડનો[45] ખર્ચ કુદરતી આફતો પર કરવામાં આવેલા ભંડોળની સિલક સામે ભરપાઇ કરવામાં આવ્યો હતો અને માર્ચ 2019 ના અંતે ₹ 1,504.53 કરોડ ભંડોળમાં રહ્યા હતા. ભારત સરકારની માર્ગરેખાની દ્રષ્ટિએ ભંડોળમાં પડી રહેલી સિલકનું રોકાણ કરવું જરૂરી હતું[46] જે કરવામાં આવ્યુ ન હતું. અગાઉના વર્ષોની સિલકો પરના ભંડોળમાં જમા કરવાના વ્યાજની ગણતરી પણ રાજ્ય સરકાર દ્વારા કરીને જમા કરવામાં આવ્યુ ન હતું.

1.9.3.3 *નવી પેન્શન યોજનામાં જવુ*

રાજ્ય સરકારે 1 એપ્રીલ 2005 થી "વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના (નેશનલ પેન્શન સ્કીમ-NPS)" દાખલ કરી હતી. પરિયોજનાની માર્ગરેખા અનુસાર, કર્મચારીએ દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા લેખે ફાળો આપવાનો હોય છે જેનો સુમેળયુક્ત ફાળો રાજ્ય સરકાર આપે છે અને પુરેપુરી રકમ નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત વ્યવસ્થાપકને તબદીલ કરવામાં આવે છે. રાજ્ય સરકારે યોજનાકીય ભંડોળના વ્યવસ્થાપન માટે NPS ટ્રસ્ટ સાથે કરાર કર્યા હતા (જાન્યુઆરી 2009) અને પરિયોજના માટે ઘડવામાં આવેલું કેન્દ્રિય માળખું સ્વીકાર્યું હતું (મે 2009).

કર્મચારીઓનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[47] જમા કરવામાં આવે છે અને પછી તે NSDL ને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2018-19 દરમિયાન રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી NPS ના ફાળા તરીકે ₹ 724.22 કરોડ એકત્ર કર્યા હતા અને તેના હિસ્સા તરીકે ₹ 740.47 કરોડનો યોજનામાં ફાળો આપ્યો હતો. ઉપરાંત, ₹ 1,497.02 કરોડના (પાછલા વર્ષના ₹ 32.33 કરોડની સિલક સહિત) એકત્ર કરેલા કુલ ભંડોળની સામે રાજ્ય સરકારે માત્ર ₹ 1,481.28 કરોડ NSDL ને તબદીલ કર્યા હતા અને યોજનાની જોગવાઇઓ મુજબ આગળ રોકાણ કરવા માટે ₹ 15.74 કરોડ NSDL ને તબદીલ કર્યા ન હતા. આમ, 2018-19 દરમિયાન NSDL ને ₹ 15.74 કરોડની ઓછી તબદીલી થઇ હતી. 2018-19 માટે ₹ 15.74 કરોડની ચાલુ જવાબદારીમાંથી, ₹ 14.28 કરોડ 09 એપ્રિલ 2019 ના રોજ NSDL ને તબદીલ કર્યા હતા.

---

45 મુખ્ય સદર 2245-05 (કુદરતી આપત્તિઓના હિસાબે રાહત -SDRF)

46 SDRF માં સંચિત રકમનું ભારતીય રિઝર્વ બેંક મારફત કેન્દ્ર સરકારની કાલબધ્ધ જામીનગીરીઓ, હરાજી થયેલા ટ્રેઝરી બિલ અને અનુસિચિત વાણિજ્યિક બેંકોમાં વ્યાજુકી થાપણો અને પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

47 મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-કેન્દ્રિય કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના)

2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ફંડ મેનેજરને ₹ 1.95 કરોડની વ્યાજની ચુકવણી કરી હતી.

રાજ્ય સરકાર કામે રોકનાર/કર્મચારીઓનો ફાળો NSDL માં તબદીલ કરવામાં મોટા ભાગે અવાંછિત વિલંબ વિના ઝડપી રહી છે.

નવી પેન્શન યોજનાનું અમલીકરણ

2005-06 માં નેશનલ પેન્શન સ્કીમ-NPS ના અમલીકરણથી સ્વાયત્ત સંસથાઓ સહિત રાજ્ય સરકાર કર્મચારીઓનો (જેમણે નવી પેન્શન યોજના સ્વીકારી હોય) ફાળો શરૂઆતમાં ગુજરાત રાજ્ય નાણાકીય સેવા (GSFS) માં રાખતા હતા. સપ્ટેમ્બર 2011 માં ભારત સરકારે આદેશ આપ્યો હતો કે નવી પેન્શન યોજનાનું વ્યવસ્થાપન નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (NSDL)/ટ્રસ્ટી બેંક કરશે. ત્યારબાદ, પેન્શન અને ભવિષ્ય નિધિ નિયામક, ગાંધીનગરે (DPPF[48]) GSFS માં રહેલી તમામ સિલકો (કામે રાખનાર-કર્મચારીના ફાળાનો મેળ કર્યા બાદ) NSDL ને તબદીલ કરવામાં આવી હતી..

ઓડીટે, જો કે, અવલોકન કર્યું હતુ કે 31 માર્ચ 2019 ના રોજ સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં ₹ 33.28 કરોડનો મેળ બેસાડ્યા વગરનો કામે રાખનારનો-કર્મચારીનો ફાળો હતો જે GSFS માં રાખવામાં આવ્યો હતો. ફાળાઓનો મેળ બેસાડ્યા બાદ જ આ સિલકોને NSDL માં તબદીલ કરવામાં આવશે. વર્ષોવાર વિગતો **કોઠો 1.34** માં આપી છે.

કોઠો 1.34: કામે રાખનાર અને કર્મચારી દ્વારા NPS માં ફાળો

(₹ કરોડમાં)

ક્રમાંક	વર્ષ	ક્મચારીનો ફાળો	કામે રાખનારનો ફાળો	કુલ
1	2008-09	0	0.09	0.09
2	2014-15	1.08	0.39	1.47
3	2015-16	2.23	0.74	2.97
4	2016-17	6.35	2.33	8.68
5	2017-18	5.22	3.09	8.31
6	2018-19	4.81	6.95	11.76
	કુલ	19.69	13.59	33.28

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિ ના નિયામક

અત્રે એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે NPS ના લાભો લઇ શકાય એ માટે, સંયુક્ત ફાળો NSDL ને તબદીલ કરવો જરૂરી છે. આમ છતાં, મેળ ન થવાના અભાવે ₹ 19.69 કરોડ નો કામે રાખનારનો ફાળો GSFS માં રાખી મુકવામાં આવ્યો હોવાથી યોજનામાંથી લાભાર્થીઓના અપેક્ષિત

[48] DPPF રાજ્યમાં નવી પેન્શન યોજનાના વહિવટકર્તા છે. તેઓ સરકારના સુમેળયુક્ત ફાળાને NSDL માં તબદીલ કરવા માટે જવાબદાર છે..

આર્થિક લાભો છીનવી લેવાયા હતા. પ્રસંગવશાત, DPPF પાસે કામે રાખનાર અને કર્મચારી દ્વારા આપવામાં અવેલા ફાળાનું ધ્યાન રાખવા માટે સોફ્ટવેર નથી.

ઓડિટમાં આ ધ્યાન પર લાવવામાં આવ્યુ ત્યારે, DPPF એ જણાવ્યુ હતું કે GSFS માં રાખવામાં આવેલું પેન્શનના ભંડોળમાં ઘટાડો થઇ રહ્યો છે (2016-17 માં ₹ 101.96 કરોડ થી 2018-19 માં ₹ 33.28 કરોડ).

માસિક ફાળાની કપાત

કાયમી નિવૃત્તિ ખાતા નંબર (પર્મેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર- PRAN) એ NSDL દ્વારા પ્રત્યેક લાભાર્થીને આપવામાં આવેલો અજોડ નંબર છે. DPPF ના રેકર્ડની ચકાસણીમાં જોવામાં આવ્યુ હતું કે NSDL દ્વારા જનરેટ કરવામાં આવેલા 1,79,549 PRAN પૈકી 6,336 કેસોમાં 31 માર્ચ 2019 સુધી NSDL દ્વારા કોઇ ફાળો પ્રાપ્ત થયો ન હતો. આ 6,336 કેસોનું વય-વાર વિશ્લેષણ કોઠો 1.35 માં દર્શાવ્યુ છે.

કોઠો 1.35: વર્ષ-વાર આપવામાં આવેલા PRAN જેમાં કોઇ ફાળો NSDL માં તબદીલ કરવામાં આવ્યો ન હતો.

સમયગાળો	કેસોની સંખ્યા
2011-12	1
2012-13	1
2013-14	5
2014-15	12
2015-16	41
2016-17	26
2017-18	410
2018-19	5,840
કુલ	**6,336**

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિના નિયામક

લાંબા સમયગાળા માટે કોઇ ફાળો દર્શાવાતો ન હોય એવા કેસો કાઢી નાખવા માટે સંપૂર્ણ વિગતોની ચકાસણી કર્યા બાદ, જરૂરી પગલા લેવા જોઇએ.

ફાળાનો મેળ ન બેસાડવો

DPPF ના રેકર્ડની ચકાસણીમાં વધુમાં જોવામાં આવ્યુ હતું કે DPPF દ્વારા નિભાવવામાં આવતા અનુરૂપ રેકર્ડ સાથે વિભાગીય વડા દ્વારા કર્મચારીઓના વ્યક્તિગત ખાતામાં કરવામાં આવેલી નોંધો (ફાળા ની) નો મેળ બેસાડવા માટેની કોઇ યંત્રણા ન હતી. આ પધ્ધતીનો સપ્ટેમ્બર 2019 થી અમલ કરવામાં આવ્યો હતો.

એવુ પણ જોવામાં આવ્યુ હતું કે DPPF એ નવી પેન્શન યોજનાના ફાળાના આંકડાઓનો મહાલેખાકાર (હિસાબ અને હક), રાજકોટ દ્વારા તૈયાર કરવામાં આવેલા નાણાકીય હિસાબ 2018-19 માં દર્શાવેલા આંકડાઓ સાથે મેળ બેસાડ્યો ન હતો. વિગતો **કોઠ 1.36** માં આપવામાં આવી છે.

કોઠો 1.36: વર્ષ 2018-19 માટે NPS ફાળાની વિગતો

(₹ કરોડમાં)

	નાણાકીય હિસાબ મુજબ	DPPF ના રેકર્ડ મુજબ
કર્મચારી ફાળો	724.21	724.17
કામે રાખનારનો ફાળો	740.47	740.49
NSDL ને તબદીલ કરેલી રકમ	1,481.28	1,481.19
તબદીલ કરવાની બાકી રકમ (સિલક રહે છે)	15.74	20.45

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિના નિયામક

ભલામણ:રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવુ જોઇએ કે પૂરેપૂરો ફાળો (કર્મચારીઓ અને સરકારી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલો) સમયસર NSDL ને તબદીલ કરવામાં આવે છે કે જેથી સરકારી તિજોરી પર વ્યાજની જવાબદારી નિવારી શકાય અને પેન્શનરોને તેમના વળતર બાબતે ખાતરી પણ પુરી પાડી શકાય.

1.9.4 ઉજ્જવળ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના

ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના (ઉદય) ભારત સરકાર દ્વારા રાજ્યની માલિકીની ઉર્જા વિતરણ કંપનીઓ (DISCOMs) ની સંચાલનની અને નાણાકીય કાયાપલટ માટે નવેમ્બર 2015 માં શરૂ કરવામાં આવી હતી. ઉદયમાં રાજ્ય સરકારો, વિતરણ કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે પરિયોજનામાં વર્ણન કર્યા મુજબ સંચાલનના અને નાણાકીય સીમાચિહ્નો હાંસલ કરવાના હેતુથી પક્ષકારોની સંબંધિત જવાબદારીઓ નક્કી કરવા માટે કરાર કરવાનું વિચારવામાં આવ્યું હતું, ત્યારબાદ, રાજ્ય સરકારોએ વિતરણ કંપનીઓના 30 સપ્ટેમ્બર 2015 ના રોજના ચડત ઋણના 75 ટકા બે વર્ષના સમયગાળામાં લઇ લેશે એટલે કે 2016-17 માં 50 ટકા અને 2017-18 માં 25 ટકા રાજ્ય સરકારો લઇ લેશે.

ગુજરાત સરકારે ચાર રાજ્યની માલિકીની વિતરણ કંપનીઓ અને ભારત સરકાર સાથે એક ત્રિપક્ષીય સમજૂતિ કરાર કર્યો હતો (ફેબ્રુઆરી 2016), જે નાણાકીય કાયાપલટ અને ભાવિ નુક્સાન અને કાર્યકારી મૂડીને નાણા પુરા પાડવાના ઘટક સિવાયનો હતો કારણ કે તમામ ચાર વિતરણ કંપનીઓએ નાણાકીય કાયાપલટ 2005-06 માં જ હાંસલ કરી લીધી હતી. આ બાબત ધ્યાને લેતાં, રાજ્ય સરકારે ઉદય પરિયોજના હેઠળ રાજ્યની વિતરણ કંપનીઓને 2018-19 દરમિયાન કોઇ નાણાકીય સહાય પુરી પાડી ન હતી.

1.9.5 આકસ્મિક જવાબદારીઓ

1.9.5.1 બાંહેધરીઓની સ્થિતિ

જેને બાંયધરીઓ આપવામાં આવી હોય તે ઉછીના નાણા લેનાર નિષ્ફળ જાય એવા કેસમાં આવી બાંયધરીઓ રાજ્યના એકત્રિત નિધિ ફંડ ઉપર રહેલી ઉચ્ચક જવાબદારીઓ બને છે. નાણાકીય હિસાબો નું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં અવેલા બાંયધરીઓની વિગતો આપે છે. આ સંકલનની વિગતો સીધી રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી તૈયાર કરવામાં આવે છે. મહત્તમ રકમ જેના માટે રાજ્ય દ્વારા બાંયધરીઓ આપવામાં આવી હતી અને છેલ્લા પાંચ વર્ષ માટે ચડત બાંયધરીઓ **કોઠો 1.37** માં આપી છે.

કોઠો 1.37: ગુજરાત સરકાર દ્વારા આપવામાં અવેલી બાંયધરીઓ

(₹ કરોડમાં)

બાંયધરીઓ	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચ મર્યાદા	20,000	20,000	20,000	20,000	20,000
બાંયધરીની મહત્તમ રકમ	11,235	11,333	11,333	11,796	11,796
બાંયધરીઓની બાકી રકમ	5,984	5,236	4,804	4,834	4,699
કુલ મહેસૂલી આવકની સામે બાંયધરીઓની બાકી રકમની ટકાવારી	6.51	5.37	4.37	3.92	3.46

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 ની જોગવાઇ મુજબ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 માં, મહત્તમ ₹ 20,000 કરોડની ચડત બાંયધરીઓની ટોચ મર્યાદા નિયત કરવામાં આવી છે. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 40.12 કરોડની રકમની બાંયધરીઓ આપી હતી. ₹ 4,699 કરોડની કુલ ચડત બાંયધરીઓ પૈકી, 30 ટકા (₹ 1,409 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતા અને 14 ટકા (₹ 650 કરોડ) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની બાબતમાં હતા. ચડત બાંયધરીઓ (₹ 4,699 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવક (₹ 1,36,002 કરોડ) ના 3.46 ટકા હતી જે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિર્દિષ્ટ મર્યાદાની ઘણી અંદર હતી

12 મા નાણાપંચે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉદ્ભવતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી મુક્તિ ભંડોળની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. પરિણામે, ફેબ્રુઆરી 2006 માં બાંયધરી મુક્તિ ભંડોળની સ્થાપના કરવામાં આવી હતી. ભારતીય રિઝર્વ બેંક, જે ભંડોળનો વહીવટ કરે છે, તેની માર્ગરેખા મુજબ, ભંડોળના સંચયને ધીમે ધીમે વધારતા જઇને ચડત બાંયધરીઓના પાંચ ટકાના ઇચ્છિત સ્તર સુધી લઇ જવાનો હતો. ₹ 234.93 (₹ 4,699 કરોડના પાંચ ટકા) કરોડની લઘુત્તમ જરૂરિયાતની સામે, 31 માર્ચ 2019 ના રોજ ભંડોળમાં ₹ 699.63 કરોડની સિલક હતી. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 33.17 કરોડનું સંચિત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

2018-19 દરમિયાન ₹ 14 કરોડના અંદાજપત્રીય અંદાજની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી રાજ્ય સરકારને ₹ 1.60 કરોડ બાંયધરી ફી તરીકે મળ્યા હતા. 2018-19 દરમિયાન, બાંયધરીઓનો અમલ કરવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામાં આવી ન હતી.

નાણાકીય હિસાબો 2018-19 (પત્રક નં. 20) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમની સામે ₹ 126 કરોડની ચડત બાંયધરીઓ દર્શાવે છે. વહીવટી વિભાગ (ઉદ્યોગ અને ખાણ) માંથી ચકાસણી કરવામાં આવતા, ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે કંપની સામે કોઇ ચડત બાંયધરી ન હતી. આ દર્શાવતુ હતું કે વહીવટી વિભાગ દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક), રાજકોટ સાથે ચડત બાંયધરીઓનો મેળ બેસાડવામાં આવ્યો ન હતો.

1.10 ઋણનું વ્યવસ્થાપન

1.10.1 ઋણનું ટકાઉપણું

ઋણનું ટકાઉપણું[49] રાજયની ઋણની સેવાની ક્ષમતા સૂચિત કરે છે. રાજ્ય સરકારના ઋણની તીવ્રતા જોવા ઉપરાંત રાજ્યના ઋણનું ટકાઉપણું નક્કી કરતા દર્શકોનું પુથકરણ કરવાનું મહત્વપૂર્ણ છે. 2014-15 થી 2018-19 ના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણના ટકાઉપણાના જુદા જુદા દર્શકોનું પૃથક્કરણ **કોઠો 1.38** માં આપ્યુ છે

કોઠો 1.38: ઋણનું ટકાઉપણું - દર્શકો અને વલણો

(₹ કરોડમાં)

ઋણના તકાઉપણાના દર્શકો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
ચડત ઋણ (₹ કરોડમાં)	2,02,313	2,21,090	2,43,146	2,56,366	2,85,844
પાછલા વર્ષ કરતાં ચડત ઋણની વૃધ્ધિ (ટકામાં)	10.52	9.28	9.98	5.44	11.50
પાછલા વર્ષની સામે GSDP ની વૃધ્ધિ	14.13	11.63	12.08	13.99	14.21
ચડત ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકામાં)	7.76	7.69	7.67	7.59	7.44
વ્યાજની ચૂકવણી	14,946	16,300	17,797	18,954	20,183
વ્યાજના ચૂકવણીનો બોજો ટકામાં (IP/RR)	16.25	16.72	16.20	15.37	14.84
વર્ષ દરમિયાન ઋણની કુલ ચૂકવણીધ	44,636	51,462	50,168	67,938	73,486
વર્ષ દરમિયાન ઋણની કુલ આવક	63,892	70,239	72,224	81,158	1,02,963
ઋણની ફેડણી /ઋણની આવક	0.93	0.96	0.94	1.07	0.91
ઉછીના લીધેલા ભંડોળની ચોખ્ખી ઉપલબ્ધી	(+)4,310	(+)2,477	(+)4,259	(-)5,734	(+)9,294

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

[49] શબ્દકોષ જુઓ; પરિશિષ્ટ 4.1

ઉછીના લીધેલા ભંડોળની ચોખ્ખી ઉપલબ્ધતા

ઉછીના લીધેલા નાણાની ચોખ્ખી ઉપલબ્ધતા એ ઋણની મુક્તિ (મુદ્દલ અને વ્યાજની ચૂકવણીઓ) અને કુલ ઋણની આવકો વચ્ચેનો તફાવત છે અને તે જુના ઋણની મુક્તિ માટે ઋણની આવકનો કેટલા અંશે ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનું પ્રમાણ દર્શાવે છે. 2018-19 દરમિયાન, ચાલુ સંચાલન માટે, મુદ્દલ અને વ્યાજના ચૂકવણીની જોગવાઇ કર્યા બાદ ઉછીના નાણાની ચોખ્ખી ઉપલબ્ધતા ₹ 9,294 કરોડ જેટલી હતી.

વ્યાજનું ભારણ

મહેસૂલી આવકની સામે વ્યાજની ચુકવણીનો ગુણોતર એ ઘણા દર્શકોમાંનો એક છે જે રાજ્યના ઋણની સામે ટકાવપણું નક્કી કરે છે. વર્ષ 2018-19 દરમિયાન મહેસૂલી આવકની સામે વ્યાજની ચૂકવણીનો ગુણોત્તર 14.84 ટકા હતો. જે 14 મા નાણાપંચ દ્વારા અનુમાનિત (13.19 ટકા) કરતાં વધુ હતો.

જાહેર ઋણની સેવા

2014-15 થી 2018-19 ના સમયગાળા માટે જાહેર ઋણ પર મુદ્દલની પરત ચૂકવણી અને વ્યાજની ચૂકવણી **કોઠો 1.39** અને **ચાર્ટ 1.15** માં દર્શાવ્યા છે.

કોઠો 1.39: જાહેર ઋણની સેવા

(₹ કરોડમાં)

Period	જાહેર ઋણની આવક			જાહેર ઋણની પરત ચૂકવણી						ઋણની સેવા			
				મુદ્દલ			વ્યાજ			મુદ્દલ+વ્યાજ			જાહેર ઋણની આવકની ટકાવારી રૂપે
	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	
2014-15	19,131	323	19,454	4,849	660	5,509	12,717	565	13,282	17,566	1,225	18,791	97
2015-16	23,234	252	23,486	5,534	660	6,194	13,965	514	14,479	19,499	1,174	20,673	88
2016-17	27,477	191	27,668	8,386	687	9,073	15,648	469	16,117	24,034	1,156	25,190	91
2017-18	26,863	90	26,953	12,991	709	13,700	16,748	430	17,178	29,739	1,139	30,878	115
2018-19	40,950	2,196	43,146	14,719	713	15,432	17,696	418	18,114	32,415	1,131	33,546	78
Total			1,40,707			49,908			79,170			1,29,078	92

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

કોઠો 1.39 અને ચાર્ટ 1.15 માંથી જોઇ શકાય છે કે 2014-19 દરમિયાન, જાહેર ઋણની આવકના 78 થી 115 ટકા ઋણની સેવા માટે વપરાયા હતા. 2018-19 માં જાહેર ઋણની આવકમાંથી ઋણની સેવા 2017-18 ના 115 ટકાની સામે 78 ટકા જેટલી હતી. આમ, 2014-19 દરમિયાન ઋણની સેવા પરનો સરેરાશ ખર્ચ ₹ 25,816 કરોડ હતો જે એ જ સમયગાળા દરમિયાનની સરેરાશ જાહેર ઋણ આવક (₹ 28,141 કરોડ) ના 92 ટકા થતા હતા જે સૂચવે છે કે ઋણનો મોટો ભાગ ઋણના સેવામાં ઉપયોગમાં લેવામાં આવતો હતો. આ એવુ પણ દર્શાવે છે કે ઋણનો એકદમ નગણ્ય ભાગ વૃધ્ધિને આગળ ધપાવવા માટે વિકાસકીય ખર્ચ માટે નાણા પુરા પાડવા માટે ઉપલબ્ધ હતો. આમ છતાં, જાહેર હિસાબની સિલકમાં વધારો ખાધને પહોંચી વળવા માટે અન્ય એક સ્રોત પુરો પાડે છે.

1.10.2 ઋણ પાકવાની વિગતો

2018-19 ના અંતે ₹ 2,85,844 કરોડની કુલ ચડત જવાબદારીઓ માંથી ₹ 45,539 કરોડ "અન્ય જવાબદારીઓ" ને લગતા હતા. બાકીના જાહેર ઋણના (₹ 2,40,305 કરોડ) પાકવાની વિગતો **કોઠો 1.40 અને ચાર્ટ 1.16 માં** આપી છે.

કોઠો 1.40: જાહેર ઋણના પાકવાની વિગતો

પાકવાની વિગત (વર્ષોમાં)	રકમ (₹ કરોડમાં)	ટકા
0 – 1	16,616.41	6.91
1 – 3	42,318.57	17.61
3 – 5	42,425.47	17.66
5 – 7	39,165.29	16.30
7 અને વધુ	99,778.78	41.52
કુલ	240,304.52	100.00

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

જાહેર ઋણની પાકવાની વિગતો દર્શાવે છે કે 2010-22, 2022-24 અને 2024-26 ના સમયગાળાઓ દરમિયાન રાજ્યની ઋણની પરત ચુકવણીની જવાબદારી અનુક્રમે ₹ 42,318.57 કરોડ, ₹ 42,425.47 કરોડ અને ₹ 39,165.29 કરોડ હશે જે તે સમયગાળાના સરકારના અંદાજપત્ર પર દબાણ ઉભુ કરી શકે છે. ઉપરાંત, કુલ જાહેર ઋણમાંથી ₹ 1,40,525.74 કરોડ (58 ટકા) હવે પછીના સાત વર્ષની અંદર પરત ચૂકવવાપાત્ર થશે. આથી, રાજ્ય સરકારે ઋણની ચુંગાલમાં આવી જવાનું નિવારવા માટે કાળજીપૂર્ણ વિચારણા કરીને ઉછીના નાણાની પરત ચૂકવણીની વ્યુહરચના ઘડવી જોઇએ.

ભલામણઃ સુધારેલી લાંબા-ગાળાના ટકાઉપણા વાળી રાજકોષીય ખાધ સંચાલનની વ્યવસ્થા ઊભી કરવા માટે અને ચાલુ અને સંભવિત નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ હોય એ રીતે રાજ્યના ઋણ લેવાના નિર્ણયોમાં માર્ગદર્શન પુરૂ પાડવા માટે ઋણ સામે ટકાઉપણાનું માળખુ વિકસાવવા માટે રાજ્ય સરકારે વિચારણા કરવી જોઇએ.

1.11 રાજકોષીય અસમતુલન

મહેસૂલ, રાજકોષીય તથા પ્રાથમિક ખાધ જેવા ત્રણ ચાવીરૂપ માપદંડો ચોક્કસ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થામાં આવેલ રાજકોષીય અસમતુલનની અસર દર્શાવે છે. સરકારના હિસાબોમાં ખાધ આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત દર્શાવે છે.

આવી ખાધનો પ્રકાર સરકારની રાજકોષીય વ્યવસ્થા કેટલી સૂઝ-બુઝ ભરી છે તે દર્શાવે છે. વધુમાં આવી ખાધ પૂરવા માટે જે રીતે સંસાધનો ઉભા કર્યા હોય તથા તેનો ઉપયોગ કર્યો હોય તે તેની રાજકોષીય તંદુરસ્તીના દર્શક બની રહે છે.

આ વિભાગ, વલણો, પ્રકાર, કદ અને આવી ખાધ પુરવા માટે અપનાવેલી રીત ઉપરાંત નાણાકીય વર્ષ 2018-19 માટે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005/નિયમો 2006 હેઠળ નિર્ધારિત લક્ષ્યાંકો સામે મહેસૂલી અને રાજકોષીય ખાધના વાસ્તવિક સ્તરની આકારણી રજુ કરે છે

1.11.1 ખાધના વલણો

ચાર્ટ 1.17 2014-19 ના સમયગાળામાં ખાધના દર્શકોના વલણો દર્શાવે છે.

મહેસૂલી પુરાંત

મહેસૂલી પુરાંત 2017-18 માં ₹ 5,232 કરોડ હતી તે ₹ 2,020 કરોડ જેટલી ઘટીને 2018-19 માં ₹ 3,212 કરોડ થઇ હતી. ચાલુ વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંતમાં ઘટાડો, પાછલા વર્ષ કરતાં મહેસૂલી આવકમાં ₹ 12,710 કરોડ (10.31 ટકા) ના વધારાની સામે મહેસૂલી ખર્ચમાં ₹ 14,730 કરોડ (12.48 ટકા) ના વધારાના હિસાબે થયો હતો.

રાજકોષીય ખાધ

રાજકોષીય ખાધ સામાન્ય રીતે સરકારની ચોખ્ખી વધતી જવાબદારીઓ અથવા તેનાં દ્વારા લેવાયેલ વધારાનાં ઋણને રજુ કરે છે. આ ઘટ વધારાના બહારના ઋણ અથવા જાહેર હિસાબમાંથી ભંડોળની પુરાંતના ઉપયોગ દ્વારા પુરી કરી શકાય છે.

2018-19 માં રાજકોષીય ખાધમાં ₹ 4,999 કરોડનો વધારો (23.40 ટકા) થઇને 2017-18 માં ₹ 21,366 કરોડ હતી તે 2018-19 માં ₹ 26,365 કરોડ થઇ હતી જે ચોખ્ખા મૂડી ખર્ચમાં ₹ 1,684 કરોડનો વધારો, મહેસૂલી પુરાંતમાં ₹ 2,020 કરોડ જેટલો ઘટાડો અને ચુકવવામાં આવેલી ચોખ્ખી લોન અને પેશગીઓમાં ₹ 1,295 કરોડ જેટલા વધારાના હિસાબે થયું હતું.

આમ છતાં, ચાલુ વર્ષમાં GSDP ની ટકાવારી રૂપે રાજકોષીય ખાધ (1.76 ટકા) 14 નાણાપંચ દ્વારા નિયત કરવામાં આવેલી ત્રણ ટકાની મર્યાદાની ઘણી અંદર હતી પરંતુ ગુજરાતની રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (1.71 ટકા) કરતાં વધુ હતી.

પ્રાથમિક ખાધ

રાજકોષીય ખાધ સામાન્ય રીતે વધારાના સંસાધનોની જરૂરિયાત દર્શાવે છે જ્યારે આવા સંસાધનોના એક ભાગનાં મહેસૂલી હિસાબમાં ખાધ ધરાવતા રાજ્યોની બાબતમાં વ્યાજની ચૂકવણીઓ માટે નાણા પુરા પાડવા માટે જરૂર પડી શકે છે. વ્યાજની ચૂકવણી પહેલાની

જવાબદારીઓનો ખર્ચ દર્શાવે છે અને ચાલુ ખર્ચથી સ્વતંત્ર છે. વર્તમાન પ્રકારની અસંગતતાઓ પર નજર નાખવા માટે ચૂકવણીઓને અલગ પાડવાની અને કુલ અસંગતતાઓમાંથી બાદ કરવાની જરૂર પડે છે.

2018-19 દરમિયાન, પ્રાથમિક ખાધ 2017-18 માં ₹ 2,412 કરોડ હતી તે ₹ 3,770 કરોડ જેટલી વધીને 2018-19 માં ₹ 6,182 કરોડ થઇ હતી. પાછલા વર્ષની સામે ચાલુ વર્ષ દરમિયાન રાજકોષીય ખાધમાં ₹ 4,999 કરોડના વધારો વ્યાજની ચૂકવણીમાં ₹ 1,229 કરોડના વધારા દ્વારા સરભર થવાના કારણે આમ થયું હતું.

1.11.2 ઋણની વિગતો

GSDP ના પ્રમાણ તરીકે રાજ્યની રાજકોષીય ખાધમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વધારો થઇને 2016-17 માં 1.43 હતી તે 2018-19 માં 1.76 થઇ હતી. એ જ રીતે, GSDP ના પ્રમાણ તરીકે પ્રાથમિક ખાધ 2017-18 માં 0.18 હતી તે વધીને 2018-19 માં 0.41 થઇ હતી. રાજ્યએ સતત આઠમાં વર્ષે મહેસૂલના વધારાની નોંધણી કરી.

ઋણ સામે ટકાઉપણાની આકારણી કરવા માટે વિવિધ અભિગમો છે જેમાંનો એક અભિગમ Domar model[50] છે.

આ અભિગમ દ્વારા ઋણ સામે ટકાઉપણાનું વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું. જેની વિગતો નીચે મુજબ છે.

g-r (g: આર્થિક વૃધ્ધિનો વાસ્તવિક દર); r: Domar gap તરીકે ઓળખાતો વાસ્તવિક વ્યાજનો દર)	s <0 (પ્રાથમિક ખાધ)	s >0 (પ્રાથમિક પુરાંત)
g-r>0 (strong મજબૂત આર્થિક વૃધ્ધિ)	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ શૂન્ય કરતાં અધિક સ્થિર સ્તર સુધી જવો જોઇએ	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ જાહેર બચતો તરફ લઇ જતા શૂન્ય કરતાં નીચા સ્તરે જવી જોઇએ.
g-r<0 (મંદ આર્થિક વૃધ્ધિ)	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ અનિશ્ચિતપણે સ્થિર તબક્કા સુધી ગયા વગર વધવો જોઇએ।	વ્યાખ્યાયિત ન થયેલી પરિસ્થિતિ

વિશ્લેષણ ગુજરાતને લાગુ કરવાના પરિણામો નીચે **કોઠો 1.41** માં દર્શાવ્યા છે.

[50] E.D. Domar, 1914-1997

કોઠો 1.41: ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

વર્ષ	વાસ્તવિક વૃધ્ધિ (g)	વાસ્તવિક વ્યાજ (r)	g-r (Domar gap)	પ્રાથમિક ખાધ (-)/ પુરાંત (s) (₹ કરોડમાં)	ટીપ્પણી
2014-15	10.5	1.9	8.6	(-)3,374	g-r>0 અને s<0 હોય તો: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે શૂન્યથી ઉંચા સ્થિર સ્તર તરફ જવુ જોઇએ.
2015-16	10.2	2.4	7.8	(-)6,715	
2016-17	9.6	2.2	7.4	1,317	g-r>0 અને s>0: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે જાહેર બચત તરફ જતા શૂન્યથી નીચેના સ્થિર સ્તર તરફ જવુ જોઇએ
2017-18	11.2	4.8	6.4	(-)2,412	g-r>0 અને s<0: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે શૂન્યથી અધિક હોય એવા સ્થિર તબક્કા તરફ જવુ જોઇએ
2018-19	9.2	4.6	4.6	(-)6,182	

વાસ્તવિક GDP માટે ગણતરી કરેલો વાસ્તવિક વૃધ્ધિનો દર
વ્યાનો દર બાદ ફગાવો તરીકે ગણેલો વાસ્તવિક વ્યાજનો દર

ઉપરાંત, વર્ષ 2018-19માં ઋણનો GSDP સામે ગુણોત્તર 19.04 ટકા જેટલો રહ્યો હતો અને રાજકોષીય ખાધનો GSDP સામે ગુણોત્તર 1.76 ટકા જેટલો રહ્યો હતો. ઋણ અને GSDP નો 14 મા નાણાપંચનાં અનુરૂપ રાજકોષીય લક્ષ્યાંક 25.79 ટકા હતો, અને રાજ્કોષીય ખાધની મર્યાદા GSDP ના ત્રણ ટકા હતી, રાજ્યનો મૂડી ખર્ચ 2014-2019 દરમિયાન કુલ ખર્ચના 21.73 અને 17.26 ટકાની વચ્ચે રહ્યો હતો.

સમયગાળા (2014-19) દરમિયાન, 2014-15, 2015-16, 2017-18 અને 2018-19 દરમિયાન પ્રાથમિક ખાધ હતી, અને 2016-17 દરમિયાન પ્રાથમિક પુરાંત હતી. એવુ પણ જોવામાં આવ્યુ હતું કે g-r (Domar gap) 2014-15 થી 2018-19 ના સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક છે. આથી, g-r Domar મોડલ મુજબ જાહેર ઋણ સ્થિર છે એવુ કહી શકાય. આમ છતાં, એ નોંધનીય છે કે g-r (Domar gap) સ્થિરતાથી ઘટાડાનું વલણ દર્શાવી રહ્યો છે. ઉપરાંત, જાહેર હિસાબના જવાબદારીઓ અને કાબુ બહારના બનાવો (force majeure events)[51] અને/અથવા અન્ય કોઇ પણ યાદીમાં લેવામાં આવ્યા ન હોય એવા મહેસૂલના નુક્સાન જેવા પરિબળો પણ રાજ્યના[52] ઋણનું ટકાઉપણું/સ્થિરતાની આકારણીમાં ધ્યાને લેવાના હોય છે.

1.11.3 રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

રાજકોષીય ખાદ્યની નાણાકીય ભાતમાં રચનાત્મક ફેરફારો નોંધાયા છે જે **કોઠો 1.42** માં પ્રતિબિંબિત થાય છે

51 વર્તમાન કોરોનાવાઇરસ જેવી કટોકટી અને તેની GSDP પર અસર.

52 આ અપેક્ષિત અથવા આંકડાકીય રીતે નિર્ધારિત કરી શકાતા ન હોવાથી તેમને વિશ્લેષણમાં સ્થાન આપ્યું નથી.

કોઠો 1.42: રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

(₹ કરોડમાં)

વિગતો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
રાજકોષીય ખાધનું વિઘટન *	(-)18,320	(-)23,015	(-)16,480	(-)21,366	(-)26,365
મહેસૂલી ખાધ (-)/પુરાંત(+)	(+)5,326	1,704	5,947	5,232	3,212
ચોખ્ખો મૂડી ખર્ચ	(-)23,917	(-)24,169	(-)22,115	(-)26,313	(-)27,997
ચોખ્ખી લોન અને પેશગીઓ	(+)271	(-)550	(-)312	(-)285	(-)1,580
રાજકોષીય ખાધ પુરવાની પધ્ધતિ *					
બજારની લોન	13,246	14,565	20,944	15,785	27,437
NSSF ને અપેલી વિશેષ જામીનગીરી	475	1,501	(-)3,447	(-)3,451	(-)3,534
નાણાકીય સંસ્થાઓની લોન	561	1,633	1,594	1,538	2,328
ભારત સરકારની લોન	(-)337	(-)408	(-)496	(-)619	1,483
નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	502	478	533	340	208
થાપણો અને પેશગીઓ	3,107	2,476	2,270	1,096	2,002
ઉચ્ચક અને પરચુરણ	843	256	(-)1,579	497	(-)727
ભરણાં	59	281	(-)69	208	(-)332
અનામત ભંડોળ	5568	(-)294	1,416	(-)748	571
આકસ્મિક નિધિ	(-)14	10	4	0	0
કુલ	**24,010**	**20,498**	**21,170**	**14,646**	**29,436**
રોકડ સિલકમાં (+) વધારો (-) ઘટાડો	(+)5,690	(-)2,517	(+)4,690	(-)6,720	(+)3,071

- આ તમામ આંકડા વર્ષ દરમિયાન ચુકવણીઓ/બહાર ગયેલી રકમો બાદના છે.

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો)

કોઠો 1.42 દર્શાવે છે કે 2018-19 માં ₹ 26,365 કરોડની રાજકોષીય ખાધ માટે ચોખ્ખી બજાર લોન (₹ 27,437 કરોડ), નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન (₹ 2,328 કરોડ) અને થાપણો અને પેશગીઓ (₹ 2,002 કરોડ) માંથી નાણા પુરા પાડવામાં આવ્યા હતા. આમ છતાં, ખાધ માટે નાણા પુરા પાડ્યા બાદ પણ ₹ 3,071 કરોડની પુરાંત રહી હતી જે 2018-19 માં એટલા પ્રમાણમાં રોકડ સિલકોમાં વધારા તરફ દોરી ગઇ હતી.

1.11.4 ખાધ/પુરાંતની ગુણવત્તા

મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનો ગુણોત્તર અને પ્રાથમિક ખાધનું, પ્રાથમિક મહેસૂલી ખાધ અને મૂડી ખર્ચ (લોન અને પેશગીઓ સહિત) માં વિઘટન, રાજ્યની નાણા વ્યવસ્થામાં ખાધની ગુણવત્તા દર્શાવે છે. મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનો સતત ઉંચો ગુણોત્તર કેટલા પ્રમાણમાં ઉધાર લીધેલું ભંડોળ હાલના વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવ્યું હતું તે દર્શાવે છે. મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનું સતત ઊંચું પ્રમાણ એવુ દર્શાવે છે કે રાજ્યનો અસ્કયામતોનો પાયો નિરંતર સંકોચાઈ રહ્યો હતો અને ઉધારીના એક હિસ્સા (રાજકોષીય જવાબદારીઓ) ને અસ્કયામતોનો કોઈ ટેકો ન હતો.

પ્રાથમિક ખાધનું વિભાજન (**કોઠો 1.43**) દર્શાવે છે કે ખાધ કેટલા પ્રમાણમાં મૂડી ખર્ચમાં વૃદ્ધિના હિસાબે હતી કે જે રાજ્યના અર્થતંત્રની ઉત્પાદન ક્ષમતામાં સુધારો કરવા માટે ઈચ્છનીય હોય છે.

કોઠો 1.43: પ્રાથમિક ખાધ/પુરાંત–ઘટકોનું વિભાજન

(₹ કરોડમાં)

વર્ષ	બિન-ઋણ આવક	મહેસૂલી આવક	પ્રાથમિક મહેસૂલી ખર્ચ[53]	મૂડી ખર્ચ	લોન અને પેશગીઓ	પ્રાથમિક ખર્ચ	પ્રાથમિક મહેસૂલી ખાધ (-)/પુરાંત(+)	પ્રાથમિક ખાધ (-) /પુરાંત (+)
1	2	3	4	5	6	7= (4+5+6)	8= (3-4)	9= (2-7)
2014-15	92,840	91,978	71,706	24,158	350	96,214	(+)20,272	(-)3,374
2015-16	97,608	97,483	79,479	24,169	675	1,04,323	(+)18,004	(-)6,715
2016-17	1,10,248	1,09,842	86,098	22,355	478	1,08,931	(+)23,744	(+)1,317
2017-18	1,23,637	1,23,291	99,105	26,313	631	1,26,049	(+)24,186	(-)2,412
2018-19	1,36,218	1,36,002	1,12,607	28,062	1,731	1,42,400	(+)23,395	(-)6,182

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

2014-19 દરમિયાન, બિન-ઋણ આવકમાં ₹ 92,840 કરોડથી ₹ 1,36,218 કરોડ (47 ટકા) ના વધારાની સામે તે જ સમયગાળામાં પ્રાથમિક ખર્ચ 48 ટકા જેટલો વધીને ₹ 96,214 કરોડથી ₹ 1,42,400 કરોડ થયો હતો. ઉપરાંત, 2014-19 (2016-17 સિવાય) દરમિયાન, બિન-ઋણ આવકોએ પ્રાથમિક ખર્ચને પુરેપુરો આવરી લીધો ન હતો જે દર વર્ષે પ્રાથમિક ખાધમાં પરિણમ્યો હતો.

1.12 આગળની કાર્યવાહી

રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલો વર્ષ 2008-09 થી તૈયાર કરવામાં આવે છે અને રાજ્યની વિધાનસભામાં રજુ કરવામાં આવે છે. જાહેર હિસાબ સમિતિએ હજુ આ અહેવાલોની ચર્ચા કરી નથી.

[53] સંબંધિત વર્ષનો મહેસૂલી ખર્ચ બાદ વ્યાજની ચૂકવણી એ પ્રાથમિક મહેસૂલી ખર્ચ છે.

પ્રકરણ II

નાણાકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ

પ્રકરણ

II

નાણાકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ

2.1 પ્રસ્તાવના

2.1.1 વિનિયોગ હિસાબો પ્રત્યેક નાણાકીય વર્ષમાં સરકારે કરેલા ખર્ચના હિસાબો હોય છે જે વિનિયોગ અધિનિયમની અનુસૂચિમાં દર્શાવેલ અને વિવિધ હેતુ માટે મંજૂર કરેલા મતપાત્ર અનુદાન અને બિન-મતપાત્ર વિનિયોગ સાથે સરખામણી રજુ કરે છે. આ હિસાબોમાં મૂળ અંદાજપત્રીય અંદાજો, પૂરક અનુદાનો, પરત સોંપણી અને પુનર્વિનિયોગોનું સ્પષ્ટ વર્ણન હોય છે અને વિનિયોગ અધિનિયમ દ્વારા અધિકૃત એવી વિવિધ નિર્દિષ્ટ સેવાઓ પર થયેલા વાસ્તવિક મૂડી અને મહેસૂલ ખર્ચ દર્શાવે છે. આમ, વિનિયોગ હિસાબો ભંડોળના વપરાશની સમજ પુરી પાડવા ઉપરાંત અંદાજપત્રીય જોગવાઇઓ પર નજર રાખે છે અને તેથી જ તે નાણાકીય હિસાબોના પૂરક બની રહે છે.

2.1.2 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા થતું વિનિયોગ હિસાબોનું ઓડિટ એ વાત સુનિશ્ચિત કરે છે કે, વિવિધ અનુદાનો હેઠળ થયેલો ખર્ચ વિનિયોગ અધિનિયમ હેઠળ મળેલી સત્તા મુજબનો હતો તથા બંધારણની જોગવાઇ અનુસાર જે ખર્ચ બિન-મતપાત્ર થવાનો હોય તે જે તે રીતે થયો છે કે નહીં. આ ઓડિટ દરમિયાન એ પણ જોવાય છે કે જે તે ખર્ચ ધારાઓ, નિયમો, નિયમનો અને સૂચનાઓ મુજબ થયો હતો.

2.1.3 ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 મુજબ, વિધાનસભામાં રજુ કરવા માટે આવક અને ખર્ચના અંદાજોનું વાર્ષિક પત્રક અને ખર્ચના પૂરક અંદાજો તૈયાર કરવા એ નાણા વિભાગની જવાબદારી છે. આવી તૈયારીના હેતુ માટે, નાણા વિભાગ સંબંધિત વહીવટી વિભાગ પાસેથી અંદાજોના આધાર માટેની માહિતી મેળવે છે. સંબંધિત વિભાગોના વડા, તેમના તાબા નીચેના અધિકારીઓ દ્વારા રજુ કરવામાં આવેલ માહિતીના આધારે જેના માટે તેઓ જવાબદાર છે તે અંદાજો તૈયાર કરે છે અને નિયત તારીખોએ સચિવાલયના યોગ્ય વહીવટી વિભાગને રવાના કરે છે. નાણા વિભાગ સરકાર દ્વારા મંજૂર થયેલા અંદાજોનું એકત્રિકરણ કરે છે. આ કવાયતમાં મહેસૂલનો અંદાજ બાંધવામાં અને ખર્ચની અગાઉથી ધારણા કરવી એ બન્નેમાં ખૂબ જ દૂરંદેશીની જરૂર પડે છે. અંદાજો જેમ બને એમ ચોક્કસ અને સચોટ હોવા જોઇએ. પ્રત્યેક મુદ્દાની બાબતમાં સામેલ કરવાની જોગવાઇ પાછલા વર્ષની બાકી સહિત ખરેખર જેની ચુકવણી કરવાની અપેક્ષિત છે અથવા વર્ષ દરમિયાન યોગ્ય મંજૂરીથી ખર્ચ કરવામાં આવ્યા હતા અને તે આ વર્ષને લગતી જવાબદારીઓ પૂરતું સિમિત ન હોવું જોઇએ.

2.2 વિનિયોગ હિસાબોનો સારાંશ

2018-19 દરમિયાન 108 અનુદાનો/વિનિયોગોની સામે ખરેખર ખર્ચની સ્થિતિનો સારાંશ **કોઠો 2.1** માં આપ્યો છે.

કોઠો 2.1: મૂળ/પૂરક જોગવાઇઓની સામે ખરેખર ખર્ચની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

ખર્ચનો પ્રકાર		મૂળ અનુદાન /વિનિયોગ	પૂરક અનુદાન/ વિનિયોગ	કુલ	ખરેખર ખર્ચ	બચત (-)/ અધિક (+)	પરત સોંપણીની રકમ
મતપાત્ર	I મહેસૂલ	1,15,621.05	13,162.29	1,28,783.34	1,14,148.67	(-)14,634.67	17,299.24
	II મૂડી	30,564.05	2,803.99	33,368.04	28,583.73	(-)4,784.31	4,579.96
	III લોન અને પેસગીઓ	1,535.91	508.61	2,044.52	1,731.47	(-)313.05	376.74
કુલ મતપાત્ર		**1,47,721.01**	**16,474.89**	**1,64,195.90**	**1,44,463.87**	**(-)19,732.03**	**22,255.94**
બિન-મતપાત્ર	*IV મહેસૂલ*	*20,466.99*	*327.84*	*20,794.83*	*20,453.96*	*(-)340.87*	*397.39*
	V મૂડી	*44.10*	*101.30*	*145.40*	*129.83*	*(-)15.57*	*17.31*
	VI જાહેર ઋણની પરત ચૂકવણી	*15,434.28*	*5.56*	*15,439.84*	*15,432.02*	*(-)7.82*	*0.01*
કુલ બિન-મતપાત્ર		***35,945.37***	***434.70***	***36,380.07***	***36,015.81***	***(-)364.26***	***414.71***
એકંદર કુલ		**1,83,666.38**	**16,909.59**	**2,00,575.97**	**1,80,479.68**	**(-)20,096.29**	**22,670.65**

સ્રોત: વર્ષ 2018-19 માટેના રાજ્ય સરકારના વિનિયોગ હિસાબો અને વિનિયોગ અધિનિયમ

મહેસૂલ વિભાગ હેઠળ 87 અનુદાનો અને 23 વિનિયોગો અને મૂડી વિભાગ હેઠળ 56 અનુદાનો અને નવ વિનિયોગોમાં ₹ 22,490.53 કરોડની બચતમાંથી મહેસૂલ વિભાગ હેઠળ ચાર અનુદાન અને એક વિનિયોગમાંથી ₹ 2,394.24 કરોડનો અધિક ખર્ચ બાદ કર્યા પછી પરિણામે ₹ 20,096.29 કરોડની ચોખ્ખી બચત રહેવા પામી હતી.

કોઠો 2.1 માં જોઇ શકાય છે કે ₹ 1,83,666.38 કરોડના મૂળ અંદાજોની સામે કરવામાં આવેલો ખરેખર ખર્ચ ₹ 1,80,479.68 કરોડ હતો.

2.3 નાણાકીય ઉત્તરદાયિત્વ અને અંદાજપત્રીય વ્યવસ્થાપન

2.3.1 વિનિયોગ કરતાં અધિક ખર્ચ વિનિયમિત ન કરાવવો

ભારતના બંધારણની કલમ 205 મુજબ, રાજ્ય સરકારે વિનિયોગો કરતાં થયેલ અધિક ખર્ચ રાજ્યની વિધાનસભા દ્વારા વિનિયમિત કરાવવો ફરજીયાત છે. આમ છતાં, **પરિશિષ્ટ 2.1** ની વિગતો મુજબ, વર્ષ 2007-08 થી 2018-19 માટેનો ₹ 7,064.84 કરોડની રકમનો અધિક ખર્ચ

(મતપાત્ર) હજુ વિનિયમિત કરાવવાનો બાકી હતો. છેલ્લા ચાર વર્ષ દરમિયાન, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, શિક્ષણ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ અને માર્ગ અને મકાન મુખ્ય કસૂરવાર વિભાગો હતા.

આ બાબત રાજ્યના એકત્રિત ભંડોળમાંથી કોઇ પણ નાણા રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા વિનિયોગ સિવાય ઉપાડી શકાશે નહીં એ બંધારણની કલમ 204 ની જોગવાઇનુ ઉલ્લંઘન છે. અંદાજપત્રીય અને નાણાકીય નિયંત્રણની વિકૃત પદ્ધતિ તથા તે જાહેર સંપતિની વ્યવસ્થાપન ને નાણાકીય અનુશાસનહીનતા માટે પ્રોત્સાહિત કરે છે.

ભલામણ: અધિક ખર્ચના તમામ હયાત કેસો વહેલામાં વહેલી તકે વિનિયમિત કરાવવા જરૂરી છે અને ભવિષ્યમાં, આવા બિન-મતપાત્ર ખર્ચ સંપૂર્ણ રીતે બંધ કરવા જોઇએ સિવાય કે સખત જરૂરિયાત અને આત્યંતિક કટોકટીના કેસો જેનો ખર્ચ આકસ્મિક નિધિમાંથી પુરો કરી શકાય એમ ન હોય.

2.3.2 સતત અધિક

અનુદાનની ફાઇલોની નમૂનારૂપ ચકાસણીમાં ઓડિટે અવલોકન કર્યું હતું કે ચાર જુદા જુદા અનુદાનો હેઠળની પાંચ યોજનાઓની બાબતમાં છેલ્લા ત્રણ વર્ષ (2016-19) દરમિયાન જોગવાઈ ₹ 50 કરોડ કરતાં વધારે સતત અધિક ખર્ચ થયો હતો (**પરિશિષ્ટ 2.2**) જે દર્શાવે છે કે અંદાજપત્રીય અંદાજોની સમીક્ષા યોગ્ય રીતે કરવામાં આવી ન હતી કારણ કે જોગવાઇઓ સતત અપૂરતી પુરવાર થઇ હતી. જુદી જુદી યોજનાઓ/હેતુઓ હેઠળ થયેલા અધિક ખર્ચના કેટલાક કિસ્સાની ચર્ચા નીચે કરવામાં આવી છે.

- "વ્યાજની આર્થિક મદદ માટે ખેડૂતોને નાણાકીય સહાય" અંગેના અનુદાન નં. 5 હેઠળ 2016-19 ના સમયગાળા દરમિયાન ₹ 2142.37 કરોડની જોગવાઇની સામે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ₹ 2,421.45 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો જે ₹ 279.08 કરોડના અધિક ખર્ચમાં પરિણમ્યો હતો. 2016-17 દરમિયાન અધિક ખર્ચ માટે કોઇ કારણો આપવામાં આવ્યા ન હતા પરંતુ વિભાગે જણાવ્યુ હતું કે 2017-18 દરમિયાન થયેલો અધિક ખર્ચ ગુજરાત રાજ્ય સહકારી બેંક તરફથી મળેલી વધુ દરખાસ્તોના કારણે થયો હતો. વિભાગે આગળ જણાવ્યુ હતું કે પાછળના વર્ષની પડતર દરખાસ્તોનો નિકાલ કરવા માટે 2018-19 દરમિયાન વધારે ખર્ચ કરવામાં આવ્યો હતો.

- "પંચાયત કર્મચારીઓને વયનિવૃત્તિ અને નિવત્તિ ભથ્થા" ની યોજના હેઠળ 2016-19 દરમિયાન અનુદાન નં. 73 હેઠળ ₹ 1,588 કરોડની જોગવાઇની સામે ₹ 2,577.50 કરોડની રકમ ખર્ચવામાં આવી હતી. યોજના હેઠળ થયેલા અધિક ખર્ચ માટે વિભાગ દ્વારા કોઇ કારણો આપવામાં આવ્યા ન હતા. આના જેવા અધિક ખર્ચ પાછલા ચાર વર્ષો (2012-16) દરમિયાન પણ ધ્યાન પર આવ્યા હતા.

અંદાજપત્રીય જોગવાઇની સામે થયેલો અધિક ખર્ચ અંદાજપત્રીય અને ખર્ચના નિયંત્રણોમા ઉણપ દર્શાવે છે.

2.3.3 ફાળવણીની અગ્રતાઓ સામે વિનિયોગ

વિનિયોગ હિસાબોના ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું કે 2018-19 દરમિયાન ₹ 22,490.53 કરોડની કુલ બચતમાંથી, 32 કેસોમાં દરેક કેસમાં ₹ 100 કરોડ અથવા વધુની બચત થઇ હતી (**પરિશિષ્ટ 2.3**). આ 32 કેસોમાં, ₹ 1,08,563.22 કરોડની કુલ જોગવાઇની સામે બચતો ₹ 20,797.64 કરોડ (19.16 ટકા) જેટલી હતી.

જેમાં મોટી બચતો થઇ હતી તે વિભાગોઃ નાણા (₹ 8,823.43 કરોડ); નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર (₹ 1,799.38 કરોડ); પંચાયતો, ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ (₹ 1,256.08 કરોડ); સામાજીક ન્યાય અને અધિકારીતા (₹ 1,106.93 કરોડ); આદિજાતિ વિકાસ (₹ 1,499.12 કરોડ); અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ (₹ 1,141.51 કરોડ) હતા.

મોટી બચતો માટે વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલા વિનિયોગ હિસાબોમાં જણાવ્યા મુજબના કારણો નીચે આપ્યા છેઃ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

- અનુદાન નં. 2 (કૃષિ-મૂડી મતપાત્ર) મુખ્ય સદર 4401-પાક ખેતી હેઠળ ₹ 100 કરોડની બચત ગ્રામ્ય માળખાકીય વિકાસ ભંડોળ યોજના અંતર્ગત બાંધકામની પ્રવૃત્તિઓમાં, આ બાબત હાઇકોર્ટમાં પડતર હોવાથી થયેલા વિલંબના કારણે થઇ હતી.

- અનુદાન નં. 4 (પશુપાલન-મહેસૂલ-મતપાત્ર) મુખ્ય સદર 2403-પશુપાલન અને 2404-ડેરી વિકાસ માં અનુક્રમે ₹ 86.05 કરોડ અને ₹ 25.21 કરોડની મોટી બચતો (i) જુદા જુદા સંવર્ગમાં ખાલી જગ્યાઓ, (ii) "ચાવીરૂપ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો" ની યોજના હેઠળ ઓછી અરજીઓ મળવી (iii) બકરીઓના આનુવંશિક સુધાર માટેની યોજનાનું બિન-અમલીકરણ અને (iv) નાણાકીય વર્ષના અંત સુધી ડેરી વિકાસના કાર્યક્રમો માટે મંજૂરી ન મળવાના કારણે થઇ હતી.

- અનુદાન નં. 6 (મત્સ્યોદ્યોગ- મૂડી મતપાત્ર) મુખ્ય સદર-5051-બંદરો અને દીવાદાંડીઓ પરની મૂડી જોગવાઇ હેઠળ ₹ 264.05 કરોડની મોટી બચતો બારત સરકાર દ્વારા અનુદાન છુટ્ટ કરવામાં ન આવ્યુ, જુદા જુદા લેન્ડીંગ સેન્ટરો ખાતે માળખાકીય અને વધારાના કામોના બિન-અમલીકરણના કારણે અને ટેન્ડર ની પ્રક્રિયા ન પૂરી કરવાને કારણે થઇ હતી.

નાણા વિભાગ

- અનુદાન નં. 19 (નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ-મહેસૂલ મતપાત્ર): નાણા વિભાગે મુખ્ય સદર 2048-ગુજરાત રાજ્ય ડૂબત ભંડોળ હેઠળની ₹ 1,200 કરોડની પૂરેપૂરી જોગવાઇની પરત સોંપણી કરી હતી કારણ કે ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા

અનુસાર ભંડોળનો કોષ, રાજ્યની બાકી નાણાકીય જવાબદારીઓના ત્રણ થી પાંચ ટકાની વચ્ચે હતો.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 12 મા નાણાપંચની ભલામણોના આધારે, ભારતીય રિઝર્વ બેંકે સુધારેલી માર્ગદર્શિકા બહાર પાડી હતી (સપ્ટેમ્બર 2017), જેમાં ભંડોળનો લઘુત્તમ કોષ નાણાકીય વર્ષ 2018-19 થી વધારીને રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા કર્યો હતો. આના ઉપલક્ષ્યમાં, ભંડોળની બંધ સિલકમાં ₹ 223.50 કરોડની ઘટ પડી હતી. આમ, પૂરેપૂરી જોગવાઇની પરત સોંપણી યોગ્ય ન હતી. .

વધુમાં, આ અનુદાન હેઠળ, મુખ્ય સદર-2075 મોંઘવારી ભથ્થા (DA) ના દરમાં વધારાના હિસાબે જવાબદારી હેઠળ ₹ 7,000 કરોડની પૂરેપૂરી અંદાજપત્રીય જોગવાઇની નાણા વિભાગ દ્વારા પરત સોંપણી કરવામાં આવી હતી, કારણ કે જે તે વિભાગોએ પણ તેમના અંદાજપત્રીય અંદાજોમાં સમાન જોગવાઇઓ કરી હતી. નાણા વિભાગનું પગલુ ગુજરાત અંદાજપત્ર મેન્યુઅલ ના ફકરા 38 માં જણાવ્યા પ્રમાણે કે આવી જોગવાઇઓ સંબંધિત વિભાગોએ તેમના અંદાજપત્રીય અંદાજોમાં કરવાની હોય છે તેની સાથે સુસંગત ન હતું.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ

- અનુદાન નં. 65 (નર્મદા વિકાસ યોજના-મૂડી મતપાત્ર): મુખ્ય સદર 4700-મોટી સિંચાઇ પરના મૂડા જોગવાઇ હેઠળની ₹ 1,631.23 કરોડની બચત કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ ભારત સરકાર તરફથી ઓછુ અનુદાન છુટ્ટ કરવાના કારણે અને રાજ્ય સરકાર દ્વારા સંબંધિત અનુદાન ઓછુ છુટ્ટ કરવાના કારણે થઇ હતી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ

- અનુદાન નં. 106 (મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ- મહેસૂલ મતપાત્ર) પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના હેઠળ ભારત સરકાર તરફથી અનુદાન છુટ્ટ ન કરવાના કારણે ₹ 174.49 કરોડની બચતની પરત સોંપણી કરવામાં આવી હતી.

  એ જ રીતે, કિશોરી શક્તિ યોજના હેઠળની ₹ 176.15 કરોડની બચતોની એપ્રિલ 2018 માં ભારત સરકાર દ્વારા યોજનાની માર્ગદર્શિકા અને નાણાકીય ધોરણોમાં ફેરફાર ના કારણે પરત સોંપણી કરવામાં આવી હતી. .

  સંકલિત બાળ વિકાસ સેવાઓની યોજના હેઠળની ₹ 315.66 કરોડની બચત કામગીરીના હુકમો જારી ન થવા, આચારસંહિતા લાગુ હોવાના હિસાબે કીટની ખરીદી ન થવી, ખાલી જગ્યાઓ ન ભરવી અને વાર્ષિક કાર્યક્રમ અમલીકરણ પ્લાનમાં કરવામાં આવેલી કેટલીક જોગવાઇઓ મંજૂર ન થવાના કારણે થઇ હતી.

2.3.4 સતત બચતો

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 19 કેસોમાં, દરેક કેસમાં ₹ 100 કરોડથી અધિકની સતત બચત થઇ હતી. વિગતો **કોઠો 2.2** માં દર્શાવી છે.

કોઠો 2.2: 2014-15 થી 2018-19 દરમિયાન સતત બચતો દર્શાવતા અનુદાનોની યાદી

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાનનો નંબર અને નામ	બચતની રકમ				
		2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મહેસૂલ મતપાત્ર						
1.	2 – કૃષિ	970.60	271.57	312.69	177.72	156.40
2.	18 – પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	560.95	304.47	1,146.63	1,658.66	357.59
3.	19 – નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ	4,222.63	3,514.15	5,717.16	8,014.65	8,204.89
4.	39 – તબીબી અને જાહેર આરોગ્ય	350.02	156.08	260.49	159.53	237.95
5.	43 – પોલીસ	143.58	216.22	145.19	150.48	370.10
6.	60 – ન્યાયતંત્ર	136.68	295.66	302.23	212.40	127.45
7.	70 – સામૂહિક વિકાસ	455.75	159.17	673.13	225.72	263.50
8.	71- ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ	1,102.04	255.68	333.15	499.26	992.58
9.	79 – કુદરતી આપત્તિઓના હિસાબે રાહત	546.52	195.81	606.58	184.18	712.99
10.	95 – અનુસૂચિત જાતિ પેટા- યોજના	481.91	367.76	466.18	368.48	647.42
11.	96 – આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	1,346.99	767.40	562.31	1,227.90	1,202.03
12.	102 – શહેરી વિકાસ	555.47	412.48	350.26	1,023.03	671.70
13.	106 – મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ	392.08	235.53	539.35	671.06	833.47
નહેસૂલ- બિન-મતપાત્ર						
14.	20 – નાણા વિભાગ અને તેની સેવાઓને લગતા ઋણની પરત ચુકવણી (બિન મતપાત્ર)	453.93	332.76	117.63	437.64	260.95
મૂડી મતપાત્ર						
15.	9 – શિક્ષણ	1,583.22	484.19	233.51	344.94	351.73
16.	65 – નર્મદા વિકાસ યોજના	1,262.93	966.87	594.27	250.76	1,631.23
17.	84 –બિન-રેહણાંક મકાનો	706.08	544.60	917.26	655.39	653.34
18.	95 – અનુસૂચિત જાતિ પેટા-યોજના	232.46	264.95	334.17	260.44	220.35
19.	96 – આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	255.66	501.00	646.48	275.04	297.09

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

અનુદાનની ફાઇલોની ચકાસણીમાં, ઓડિટે વધુમાં અવલોકન કર્યું હતું કે 10 અનુદાનો (**પરિશિષ્ટ 2.4**) હેઠળ 11 પરિયોજનાઓની બાબતમાં છેલ્લા ત્રણ વર્ષ (2016-19) દરમિયાન ₹ 100 કરોડથી વધારેની સતત બચત થઇ હતી જે દર્શાવે છે કે કાં તો જોગવાઇઓ વધુ પડતી હતી અથવા સરકાર વિધાનસભાની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવામાં સફળ રહી ન હતી.

સતત બચતો દર્શાવતી હતી કે અંદાજપત્રીય જોગવાઇઓ પાછલા વર્ષોના ખર્ચને ધ્યાને લીધા વગર કરવામાં આવી હતી.

ભલામણ: નિયંત્રણ/ચૂકવણી અધિકારીઓએ ખાસ કરીને જેમાં મોટી બચતો/અધિક ધ્યાન પર આવી હતી એવા વિભાગોમાં બચતો/અધિક નિવારવા માટે મંજૂર થયેલી જોગવાઇઓની સામે ખર્ચની પ્રગતિ પર સતત અને ચાંપતી નજર રાખવી જોઇએ. તેઓએ માસિક ખર્ચ અને દેખરેખની પધ્ધતિ પરના તેમના નિયંત્રણ ને ખાસ સુદ્રઢ કરવું જોઇએ.

2.3.5 બિનજરૂરી પૂરક જોગવાઇઓ

પૂરક જોગવાઇ એ મૂળ મંજૂર થયેલી કુલ જોગવાઇમાં વધારો હોય છે અને મૂળ જોગવાઇ મેળવવામાં આવે છે એ રીતે તે મેળવવામાં આવે છે.

2018-19 દરમિયાન ચાર જુદા જુદા અનુદાનો હેઠળ ચાર કિસ્સાઓમાં એકંદરે ₹ 1,172.52 કરોડની પૂરક જોગવાઇ (દરેક કિસ્સામાં ₹ 50 કરોડ અથવા વધુ) કરીને મેળવવામાં આવી હતી જે બિનજરૂરી સાબિત થઇ હતી. **કોઠો 2.3** માં આપેલી વિગતો પ્રમાણે આ ચાર કેસોમાં કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઇના સ્તર સુધી પણ પહોંચી શક્યો ન હતો.

કોઠો 2.3: બિનજરૂરી પુરવાર થયેલી (દરેક કેસમાં ₹ 50 કરોડ અથવા વધુ) પૂરક જોગવાઇ

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન/વિનિયોગનો નંબર અને નામ	મૂળ જોગવાઇ	ખરેખર ખર્ચ	મૂળ જોગવાઇમાંથી બચત	બિનજરૂરી પૂરક જોગવાઇ
1.	39-તબીબી અને જાહેર આરોગ્ય - મહેસૂલ મતપાત્ર	5,040.39	5,005.84	34.55	203.40
2.	70-સામૂહિક વિકાસ -મહેસૂલ મતપાત્ર	2,282.28	2,210.79	71.49	192.00
3.	95- અનુસૂચિત જાતિ પેટા-યોજના - મહેસૂલ મતપાત્ર	3,892.53	3,506.03	386.50	260.92
4.	102- શહેરી વિકાસ- મહેસૂલ મતપાત્ર	8,833.42	8,677.92	155.50	516.20
	કુલ	**20,048.62**	**19,400.58**	**648.04**	**1,172.52**

સ્રોત: વર્ષ 2018-19 માટેના વિનિયોગ હિસાબો

2.3.6 ભંડોળનો અપુરતો/બિનજરરી પુનર્વિનિયોગ

પુનર્વિનિયોગ, એક અનુદાનની અંદર જ, એક વિનિયોગનો એકમ જેમાં બચતની સંભાવના હોય તેમાંથી વધારાના ભંડોળની જરૂરિયાત હોય તેવા અન્ય એકમમાં ભંડોળની તબદીલી છે. અનુદાનો સામે છેવટે વધારો અને બચત હોય એવા ઘણા કિસ્સાઓમાં ભંડોળનો પુનર્વિનિયોગ અનુચિત સાબિત થયો હતો. એવા દરેક કિસ્સાઓ જેમાં પુનર્વિનિયોગ ₹ 50 કરોડ અથવા વધારે રકમનો છેવટે વધારો અથવા બચત થઇ હતી એવા કિસ્સાઓની વિગતો **કોઠો 2.4** માં આપી છે.

કોઠો 2.4: ભંડોળોના બિનજરૂરી/અપૂરતા પુનર્વિનિયોગના પરિણામે અધિક/બચત (₹ 50 કરોડ કરતાં અધિક)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન નં..	વર્ણન	પુનઃવિનિયોગ (+/-)	છેવટે અધિક	છેવટે બચત
બિન-જરૂરી પુનર્વિનિયોગ					
1	9	2203-00-001-01 TED-1 ટેકનીકલ શિક્ષણ વિભાગના વહીવટી માળખાને સુદ્રઢ કરવું	57.65	-	59.20
2	20	6004-09-101-02 બહારથી સહાય મેળવતી યોજનાઓ માટે લોન	61.47	-	67.03
3	86	3054-80-001-05 મુખ્ય સદરે ભાગે પડતા ધોરણે ખર્ચના તબદીલી	11.32	-	97.17
અપૂરતો પુનર્વિનિયોગ					
4	9	2071-01-104-01 પંચાયતના પ્રાથમિક શિક્ષકોને ગ્રેજ્યુઇટી	40.00	318.76	-
5	9	2071-01-101-01 પંચાયતના પ્રાયમિક શિક્ષકોને વયનિવૃત્તિ અને નિવૃત્તિ લાભો	69.80	1816.44	-
6	20	6004-09-101-01 બ્લોક લોનો	(-)61.47	-	181.60

સ્રોત: વર્ષ 2018-19 માટેની વિનિયોગ હિસાબો અને અનુદાનની ફાઇલો

2.3.7 વણવપરાયેલી જોગવાઇની પરત ચૂકવણી

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 ના ફકરા 103 મુજબ, જ્યારે બચત થવાની શક્યતા લાગતી હોય ત્યારે ખર્ચ કરનાર વિભાગોએ અનુદાન/વિનિયોગો અથવા તેમાંનો હિસ્સો નાણા વિભાગને પરત કરવાનો હોય છે. 15 મી માર્ચ પછી મેળવેલ પૂરક અનુદાન સિવાય વહીવટી વિભાગો દ્વારા 15 મી માર્ચ બાદ પરત સોંપણી કરવામાં આવતી રકમો સ્વીકારવાપાત્ર નથી.

2.3.7.1 નોંધપાત્ર પરત સોંપણી

15 અનુદાનો હેઠળ 21 પેટા-સદરોની બાબતમાં નોંધપાત્ર પરત સોંપણી (કુલ જોગવાઇના 50 ટકા કરતા વધારે અથવા ₹ 100 કરોડ અથવા વધારે) કરવામાં આવી હતી જે મુખ્યત્વે

યોજનાઓ/કાર્યક્રમોનો અમલ ન થવો અથવા સુસ્ત અમલીકરણના હિસાબે થઇ હતી (**પરિશિષ્ટ 2.5**). આ 21 પેટા-સદરો હેઠળ ₹ 13,297.24 કરોડની કુલ જોગવાઇમાંથી ₹ 11,897.40 કરોડ ની પરત સોંપણી કરવામાં આવી હતી, જેમાં ₹ 8,510 કરોડ સંકળાયેલા હતા એવા ચાર પેટા-સદરોમાં થયેલી 100 ટકા પરત સોંપણી સામેલ છે. જેમણે મોટી પરત ચૂકવણી કરી હતી એ વિભાગો કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર; શિક્ષણ; નાણા; ગૃહ; માર્ગ અને મકાન; શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અને સામાજીક ન્યાય અને અધિકારિતા હતા.

2.3.7.2 ખરેખર બચત કરતાં અધિક પરત ચૂકવણી

206 અનુદાનો/વિનિયોગો પૈકી છ માં, પરત ચૂકવણી કરેલી રકમો (દરેક કેસમાં ₹ 100 કરોડ અથવા અધિક) ખરેખર બચત કરતાં વધારે હતી જે ચાર[1] વિભાગો દ્વારા અપૂરતુ અંદાજપત્રીય નિયંત્રણ દર્શાવે છે. આની વિગતો **કોઠો 2.5** માં આપી છે.

કોઠો 2.5: ખરેખર બચત કરતાં વધારે (₹ 100 કરોડ અથવા અધિક) રકમની પરત ચૂકવણી

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન નં..	અનુદાન/વિનિયોગ નું નામ	કુલ અનુદાન/ વિનિયોગ	કુલ ખર્ચ	અધિક(+)/ બચત(-)	પરત સોંપેલ રકમ	પરત સોંપણી કરેલી અધિક રકમ
1.	9	શિક્ષણ-મહેસૂલ મતપાત્ર	27,391.81	28,825.92	(+)1,434.11	447.74	447.74
2.	18	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો - મહેસૂલ મતપાત્ર	11,327.30	10,969.71	(-)357.59	365.72	8.13
3.	20	નાણા વિભાગને લગતી ઋણના પરત ચુકવણી અને તેના સેવા – મહેસૂલ બિન-મતપાત્ર	19,237.18	18,976.23	(-)260.95	316.58	55.63
4.	65	નર્મદા વિકાસ યોજના- મૂડી મતપાત્ર	4,955.78	3,324.55	(-)1,631.23	1,633.37	2.14
5.	66	સિંચાઇ અને જમીન સંરક્ષણ - મહેસૂલ મતપાત્ર	1,147.57	979.42	(-)168.15	185.42	17.27
6.	86	મકાન અને પુલો - મહેસૂલ મતપાત્ર	3,351.53	3,519.88	(+)168.35	134.60	134.60
		કુલ	67,411.17	66,595.71	(-)815.46	3,083.43	665.51

સ્રોત: વર્ષ 2018-19 માટેના વિનિયોગ હિસાબો

[1] શિક્ષણ; નાણા; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર,; માર્ગ અને મકાન

2.3.7.3 બચતોની આંશિક પરત ચૂકવણી

પાંચ અનુદાનો/વિનિયોગોમાં, ₹ 50 કરોડથી અધિકની બચતો હતી જે પૈકી 10 ટકા કરતાં વધારેની પરત ચૂકવણી કરવામાં આવી ન હતી. આ અનુદાનો/વિનિયોગોમાં, કુલ બચતો ₹ 820.88 કરોડ હતી. આમ છતાં, માત્ર ₹ 615.59 કરોડની પરત ચૂકવણી કરવામાં આવી હતી જેથી ₹ 205.29 કરોડ (25 ટકા) બાકી રહ્યા હતા જેની **કોઠો 2.6** માં સર્શાવ્યા મુજબ પરત ચૂકવણી થઇ ન હતી

કોઠો 2.6: અનુદાનો જેમા બચતો ₹ 50 કરોડ કરતાં વધારે હતી જે પૈકી 10 ટકા કરતાં વધારેની પરત ચૂકવણી કરવામાં આવી ન હતી.

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન નં.	અનુદાન/વિનિયોગનું નામ	બચત	પરત સોંપણી	પરત સોંપણી ન કરેલી બચત	પરત સોંપણી ન કરેલી બચતની ટકાવારી
1.	9	શિક્ષણ-મૂડી મતપાત્ર	351.73	305.45	46.28	13.16
2.	39	તબીબી અને જાહેર આરોગ્ય - મહેસૂલ મતપાત્ર	237.95	182.36	55.59	23.36
3.	40	પરિવાર કલ્યાણ - મહેસૂલ મતપાત્ર	100.94	36.21	64.73	64.13
4.	66	સિંચાઇ અને જમીન સંરક્ષણ - મૂડી મતપાત્ર	60.64	38.60	22.04	36.35
5.	78	જીલ્લા વહીવટીતંત્ર - મહેસૂલ મતપાત્ર	69.62	52.97	16.65	23.92
કુલ			**820.88**	**615.59**	**205.29**	**25.01**

સ્રોત: વર્ષ 2018-19 માટેના વિનિયોગ હિસાબો અને રાજ્ય સરકારની અનુદાન ની ફાઇલો

2.4 અંદાજપત્રીય નિયંત્રણ વ્યવસ્થાની સમીક્ષા

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983 માં એવી જોગવાઇ છે કે અનુદાનનો વહીવટ સંભાળતા સત્તાવાળા તેમના નિયંત્રણ હેઠળના ખર્ચની પ્રગતિ પર નજર રાખવા તથા તેને મંજૂર થયેલા અનુદાન અથવા વિનિયોગની મર્યાદામાં જ રાખવા જવાબદાર છે. સત્તાવાળાઓની ફરજો અને જવાબદારીઓમાં સમયસર અને ચોક્સાઇપૂર્વક અદાજો તૈયાર કરવા અને એ પણ સુનિશ્ચિત કરવું કે તેમના હસ્તક મુકાયેલ અનુદાન જે હેતુ માટે ફાળવવામાં આવ્યું હોય તેના માટે જ તે વપરાય અને જો જરૂર ન હોય તો બચતની પરત સોંપણી કરે.

સત્તાવાળાઓ કેટલી હદે આ સૂચનાઓનું પાલન કરે છે તે બાબત સુનિશ્ચિત કરવા, ઓડિટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ અનુદાન નં. 39 (તબીબી અને જાહેર આરોગ્ય)

અને મહેસૂલ વિભાગ હેઠળ અનુદાન નં. 77 (વેરાની વસૂલાતનો ખર્ચ) ને લગતા વહીવટી વિભાગ/નિયંત્રણ અધિકારીઓના રેકર્ડની 2016-17 થી 2018-19 ના ત્રણ વર્ષના સમયગાળા માટે પ્રતિક ચકાસણી કરી હતી. ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

2.4.1 અનુદાન નં. 39 ની સમીક્ષા – તબીબી અને જાહેર આરોગ્ય

2.4.1.1 અંદાજપત્રીય જોગવાઇઓથી વિચલન

2016-19 દરમિયાન અનુદાન નં. 39 ના મહેસૂલી અને મૂડી સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણી અને કરવામાં આવેલો ખર્ચ **કોઠો 2.7** માં આપ્યા છે.

કોઠો 2.7: અંદાજપત્રીય જોગવાઇઓથી વિચલન

(₹ કરોડમાં)

વર્ષ	અંદાજપત્રીય જોગવાઇઓ			ખર્ચ	અધિક(+)/ બચત (-)	વણવપરાયેલી જોગવાઇની ટકાવારી
	મૂળ	પૂરક	કુલ			
મહેસૂલ મતપાત્ર						
2016-17	4,528.28	164.09	4,692.37	4,431.88	(-)260.49	5.55
2017-18	4,841.38	0[2]	4,841.38	4,681.85	(-)159.53	3.30
2018-19	5,040.39	203.40	5,243.79	5,005.84	(-)237.95	4.54
મૂડી મતપાત્ર						
2016-17	1,519.84	0	1,519.84	1,218.57	(-)301.27	19.82
2017-18	1,399.12	0	1,399.12	1,334.17	(-)64.95	4.64
2018-19	1,755.04	95.99	1,851.03	1,849.21	(-)1.82	0.10

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે મહેસૂલ સદર હેઠળ બચતો માટે ખાલી જગ્યાઓ ન ભરવી અને વર્ષ 2016-17 માટે મહેસૂલી અને મૂડી સદરો બન્ને હેઠળ નાણા વિભાગ દ્વારા મુકવામાં આવેલા કાપને કારણભૂત ગણાવ્યા હતા. વર્ષ 2017-18 અને 2018-19 માટે, મહેસૂલ અને મૂડી સદરો બન્ને હેઠળ થયેલી બચતો જાહેર હિસાબ સમિતિ (PAC) દ્વારા નિયત કરવામાં આવેલા ધોરણો/માપદંડો ની અંદર હતા.

2.4.1.2 વણવપરાયેલા અનુદાનો

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 તેમજ અનુદાન છુટ્ટ કરતા હુકમો પણ નિયત કરે છે કે વણવપરાયેલા અનુદાનની વર્ષના અંતે સરકારને પરત ચૂકવણી કરવી જોઇએ.

[2] માત્ર ₹ એક હજાર

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળના આઠ[3] નિયંત્રણ અધિકારીઓએ દવાઓ, એમ્બ્યુલન્સો ની ખરીદી, તબીબી કોલેજો, હોસ્પીટલો, પ્રયોગશાળાઓ વગેરે નું બાંધકામ અને સુધારા કરવા માટે અમલકર્તા એજન્સીઓને 2016-19 દરમિયાન ₹ 6,994.28 કરોડ છુટા કર્યા હતા. સરકારના હિસાબમાં આની નોંધ ખર્ચ તરીકે કરવામાં આવી હતી. આમ છતાં, અમલકર્તા એજન્સીઓ દ્વારા નિયંત્રણ અધિકારીઓને આપવામાં આવેલા 22 વપરાશી પ્રમાણપત્રો (**પરિશિષ્ટ 2.6**) ના પ્રતિક ચકાસણીમાં એવુ બહાર આવ્યુ હતું કે 2012-19 દરમિયાન છુટા કરવામાં આવેલા ₹ 603.37 કરોડની સામે, માત્ર ₹ 202.96 કરોડ (34 ટકા) વાપરવામાં આવ્યા હતા જેથી ડિસેમ્બર 2019 ના અંતે અમલકર્તા એજન્સીઓ પાસે ₹ 400.41 કરોડની (66 ટકા) વણવપરાયેલી સિલક રહી હતી.

2.4.1.3 વણવપરાયેલા અનુદાનની પરત ચૂકવણીમાં વિલંબ

ઓડિટે અવલોકન કર્યું હતું કે બે કેસોમાં, નીચે ચર્ચા કર્યા મુજબ, અમલકર્તા એજન્સીઓએ વણવપરાયેલા અનુદાનો (₹ 89.24 કરોડ) નિયંત્રણ અધિકારીઓને આની પરત ચૂકવણી કરી એ પહેલાં આઠ કરતા વધારે વર્ષો માટે પોતાની પાસે રાખ્યા હતા.

- ઉદ્યોગ અને ખાણ વિભાગે પરિવાર કલ્યાણના અધિક નિયામક (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના નિયંત્રણ અધિકારીઓમાંના એક) ને ઇન્ફોર્મલ સેક્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સાધનો અને ફર્નીચરની ખરીદી સહિત શહેરી વિસ્તારમાં 134 શહેરી આરોગ્ય કેન્દ્રો અને 718 શહેરી આરોગ્ય પોસ્ટ[4] ના બાંધકામ માટે 2009-11 દરમિયાન ₹ 73 કરોડ છુટા કર્યા હતા. 2009-19 દરમિયાન, ₹ 16 કરોડનો વપરાશ થયો હતો અને વણવપરાયેલા ₹ 57 કરોડના અનુદાનની ઓક્ટોબર 2019 માં સરકારના હિસાબમાં પરત ચૂકવણી કરવામાં આવી હતી.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે "શહેરી આરોગ્ય યોજના" હેઠળ 2011-12 દરમિયાન જાહેર આરોગ્યના અધિક નિયામક ને ₹ 50 કરોડ છુટા કર્યા હતા. 2011-19 દરમિયાન, ₹ 15 કરોડનો ઉપયોગ વેતન પર, ₹ 2.76 કરોડનો બાંધકામની પ્રવૃત્તિઓ પર અને ₹ 32.34 કરોડના વણવપરાયેલા અનુદાનની ઓક્ટોબર 2019 માં સરકારના હિસાબમાં પરત ચૂકવણી કરવામાં આવી હતી.

2.4.1.4 અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતો/કાર્યની દરખાસ્તો નું અમલીકરણ

ઓડિટે વર્ષ 2017-18 અને 2018-19 માટેના અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી બાબતો/દરખાસ્તોના અમલીકરણની સમીક્ષા કરી હતી. એવું ધ્યાન પર આવ્યુ હતું કે અંદાજપત્ર રજૂ કરતી વખતે

---

[3] (i) જાહેર આરોગ્યના અધિક નિયામક, (ii) પરિવાર કલ્યાણના અધિક નિયામક, (iii) તબીબી શિક્ષણ અને સંશોધન ના અધિક નિયામક, (iv) તબીબી સેવાઓના અધિક નિયામક, (v) ખોરાક અને ઔષધ નિયંત્રણ વહીવટીતંત્રના કમિશનર, (vi) ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડીસીન એન્ડ હોમીયોપથી (આયુષ) ના નિયામક ની કચેરી (vii) કર્મચારી રાજ્ય વિમા યોજનાના નિયામક અને (viii) નાયબ સચિવ (રોકડ)

[4] 15,000 કરતાં વધારે વસતિવાળા વિસ્તારો માટે

જાહેર કરવામાં આવેલી વિવિધ નવી બાબતો/દરખાસ્તોનું અમલીકરણ કરવામાં આવ્યું ન હતું (ડિસેમ્બર 2019) અને પરિપૂર્ણ થયા વગર રહી હતી **કોઠો 2.8** માં ની વિગતો મુજબ.

કોઠો 2.8: નવી બાબતો/શરૂઆતોના અમલલીકરણની વિગતો

(₹ કરોડમા)

અંદાજપત્રીય સદર	વર્ણન	અંદાજપત્રીય જોગવાઇ	બિન-અમલીકરણ માટેના કારણો
2017-18			
39.2210.01.110.01	હૃદયનું પ્રત્યારોપણ અને અન્ય જટીલ કટોકટીના કેસો માટે આઉટસોર્સીંગ દ્વારા એર એમ્બ્યુલન્સની જોગવાઇ	0.50	વહીવટી મંજૂરી અને નાણાકીય મંજૂરી જારી ન થવાના કારણે
96.2210.01.796.02	મોડાસા ખાતે જીલ્લા કક્ષાની જનરલ હોસ્પીટલ શરૂ કરવા માનવ સંસાધન ઉભા કરવા	1.25	
2018-19			
39.2210.01.110.01	તબીબી સેવો હેઠળ આરોગ્ય ક્ષેત્રમાં સંશોધન, તાલિમ અને નવપ્રયોગ માટે જોગવાઇ	0.50	વહીવટી મંજૂરી અને નાણાકીય મંજૂરી જારી ન થવાના કારણે
39.2210.05.105.09	સામાન્ય નર્સિંગ સ્કૂલોમાં નર્સિંગ ટયુટરોની નવી જગ્યાઓ ઉભી કરવી	1.70	ભરતીની પ્રક્રિયામાં વિલંબના કારણે.
39.2210.01.110.01	સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે ગુજરાત પેરીનેટોલોજી ઇન્સ્ટીટયુટની સ્થાપના	1.00	વહીવટી મંજૂરી જારી ન થવાના કારણે
39.2210.01.001.01	સ્ટેટ ઇન્સ્ટીટયુટ ઓફ ટોક્ષીકોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ની સ્થાપના	2.00	નિયંત્રણ અધિકારી દ્વારા સંસ્થાના સ્થાપના ન થવાના ચોક્કસ કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા.
95.2210.04.101.01	આયુષ થી આરોગ્ય (અનુસૂચિત જાતિ માટે) મેળો અને અન્ય જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન	0.50	આયુષ નિયામક દ્વારા કોઇ કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા..
96.2210.04.101.01	આયુષ થી આરોગ્ય (અનુસૂચિત જનજાતિ માટે) મેળો અને અન્ય જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન	0.50	
39.4210.03.101.42	ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળના મકાનનું નવીનીકરણ	0.50	વહીવટી મંજૂરી જારી ન થવાના કારણે
39.4210.03.101.42	જુનાગઢ અને ઓઢવ ફાર્મસી માટે નવી મશાનરીની ખરીદી માટે જોગવાઇ	0.50	વહીવટી મંજૂરી જારી ન થવાના કારણે

સ્રોત: વિભાગ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

વર્ષ 2018-19 માટેના અંદાજપત્રીય પ્રવચનમાં, 593 સબ-સેન્ટરો (SCs), 122 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs) અને સાત સામુહિક આરોગ્ય કેન્દ્રો (CHCs) ના બાંધકામ માટે પણ ₹ 113.60 કરોડના અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી હતી. આમ છતાં, ડિસેમ્બર 2019 ની સ્થિતિએ, 21 સબ-સેન્ટરો અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ પૂર્ણ થયું છે જ્યારે 61 સબ-સેન્ટરો અને 42 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ પ્રગતિમાં હતું. ₹ 113.60 કરોડની જોગવાઇમાથી ₹ 18.72 કરોડનો (16 ટકા) ખર્ચ કરવામા આવ્યો હતો. સબ-સેન્ટરો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું બાકીનું બાંધકામ જમીનનો પ્રશ્ન, અંદાજો મંજુર ન થવા, ટેન્ડરના પ્રક્રિયા પૂર્ણ ન થવી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સબ-સેન્ટરો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામની દરખાસ્તો પડતી મુકવી જેવા વિવિધ કારણોસર હાથ પર લેવામાં આવ્યુ ન હતું.

2.4.1.5 અમલકર્તા એજન્સીઓ દ્વારા ભંડોળોનો ધીમો વપરાશ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ બાંધકામની પ્રવૃત્તિઓ યોજનાના અમલકર્તા એકમ (PIU) મારફત હાથ ધરે છે જ્યારે દવાઓ, તબીબી સાધનો અને આનુષંગિક વસ્તુઓની ખરીદી ગુજરાત તબાબી સેવા નિગમ લિમિટેડ (GMSCL), રાજ્યનું જાહેર ક્ષેત્રનો ઉપક્રમ (SPSU) મારફત કરે છે. જુદી જુદી જરૂરિયાતો પુરી કરવા માટે નિયંત્રણ અધિકારીઓ અંદાજપત્રીય જોગવાઇઓ અનુસાર PIU/GMSCL ને ભંડોળ છુટ્ટ કરે છે.

2016-19 દરમિયાન, પાંચ[5] નિયંત્રણ અધિકારીઓએ જુદી જુદી યોજનાઓ હેઠળ બાંધકામ/નવીનીકરણની પ્રવૃત્તિઓ માટે PIU ને ₹ 3,535.39 કરોડ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ તબીબી કોલેજો અને હોસ્પીટલોને દવાઓ અને સાધનો ખરીદીને પુરા પાડવા માટે GMSCL ને ₹ 1,485.67 કરોડ છુટા કર્યા હતા.

124 પરિયોજનાઓની બાબતમાં યોજનાના અમલકર્તા એકમ (PIU) દ્વારા સંબંધિત નિયંત્રણ અધિકારીઓને રજૂ કરવામાં આવેલા વપરાશી પ્રમાણપત્રોની ચકાસણીમાં જોવામાં આવ્યુ હતું કે 2016-18 દરમિયાન ₹ 2,742.13 કરોડના ઉપલબ્ધ ભંડોળની સામે, PIU એ માત્ર ₹ 839.58 કરોડ (31 ટકા) નો વપરાશ કર્યો હતો. ઉપરાંત, આયુષના નિયામક અને તબીબી સેવાઓના અધિક નિયામકે 2016-18 દરમિયાન PIU ને આપેલા ભંડોળનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો (ડિસેમ્બર 2019). એ જ રીતે, ₹ 1,622.71 કરોડ (₹ 137.04 કરોડની પાછલા વર્ષની સિલક સહિત) ના કુલ ઉપલબ્ધ ભંડોળના સામે GMSCL એ 2016-19 દરમિયાન માત્ર ₹ 820.11 કરોડ (51 ટકા) વાપર્યા હતા.

---

5 (i) અધિક નિયામક, જાહેર આરોગ્ય, (ii) તબીબી શિક્ષણ અને સંશોધનના અધિક નિયામક, (iii) તબીબા સેવોના અધિક નિયામક, (iv) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર અને (v) ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડાસીન એન્ડ હોમીયોપથી ના નિયામક ની કચેરી (આયુષ)

2.4.2 અનુદાન નં. 77 ની સમીક્ષા -વેરાની વસૂલાતનો ખર્ચ (મહેસૂલ વિભાગ)

2.4.2.1 અંદાજપત્રીય જોગવાઇઓથી વિચલન

અનુદાન નં. 77 ના મહેસૂલી સદર હેઠળ 2016-19 દરમિયાન કરવામાં આવેલી અંદાજપત્રીય જોગવાઇ અને કરવામાં આવેલા ખર્ચ **કોઠો 2.9** માં આપવામાં અવ્યા છે.

કોઠો 2.9: અંદાજપત્રીય જોગવાઇઓથી વિચલન

(₹ કરોડમાં)

વર્ષ	મતપાત્ર/ બિન-મતપાત્ર	અંદાજપત્રીય જોગવાઇ			ખર્ચ	અધિક (+)/ બચત (-)	વણવપરાયેલી જોગવાઇની ટકાવારી
		મૂળ	પૂરક	કુલ			
મહેસૂલ							
2016-17	મતપાત્ર	288.83	15.44	304.27	235.60	(-)68.67	22.57
2017-18	મતપાત્ર	328.50	0.00	328.50	273.95	(-)54.55	16.61
2018-19	મતપાત્ર	305.15	0.00	305.15	283.66	(-)21.49	7.04

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

મહેસૂલ વિભાગે 2016-17 દરમિયાન ₹ 68.67 કરોડની બચત માટે (i) જુદા જુદા સંવર્ગોની ખાલી જગ્યાઓ ન ભરવી, (ii) ડિરેક્ટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડિસ્પોઝલ સાથે વીડીઓ કોન્ફરન્સ સિસ્ટમના કરારને આખરીરૂપ આપવામાં ન આવવું, (iii) ભંડોળ આપવાની ભાતમાં ફેરફાર, અને (iv) એજન્સીઓ દ્વારા સમયસર બિલો ન આપવા ને કારણભૂત ગણાવ્યા હતા.

વર્ષ 2017-18 અને 2018-19 માટે, મહેસૂલ વિભાગે ₹ 54.55 કરોડ અને ₹ 21.49 કરોડની બચત માટે (i) જુદા જુદા સંવર્ગોની ખાલી જગ્યાઓ ન ભરવી, (ii) સંકલિત જમીન વ્યવસ્થાપન પધ્ધતિ – યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ભંડોળ છુટ્ટ ન કરવું, (iii) જંત્રીની સુધારવાની કામગીરીના મહેકમ માટે વહીવટી મંજૂરી ન મળવી, અને (iv) જુદી જુદી એજન્સીઓ દ્વારા સમયસર બિલો ન આપવા ને કારણભૂત ગણાવ્યા હતા.

2.4.2.2 વણવપરાયેલી સિલકોની પરત સોંપણી ન થવી

2016-19 દરમિયાન પગાર અને વેતનના હેતુથી 11[6] જિલ્લા વિકાસ અધિકારીઓને (DDO) આપવામાં આવેલા સહાયક અનુદાનની પ્રતિક ચકાસણીમાં નીચે મુજબ જોવામાં આવ્યુ હતુ:

[6] અમદાવાદ, બનાસકાંઠા, ભરૂચ, ગાંધીનગર, મહેસાણા, નર્મદા, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને સુરત

કોઠો 2.10: વણવપરાયેલી સિલકો

(₹ કરોડમાં)

વર્ષ	આવકો	ચૂકવણીઓ	વણવપરાયેલી સિલક
2016-17	3.74	3.14	0.60
2017-18	2.90	2.51	0.39
2018-19	4.36	3.18	1.18
	કુલ		2.17

સ્રોત: રાજ્ય સરકારનો મહેસૂલ વિભાગ

કોઠામાંથી જોઇ શકાય છે કે વર્ષ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા પ્રાપ્ત થયેલી રકમની પૂરેપૂરી રકમના ચૂકવણી કારવામાં આવી ન હતી. જિલ્લા વિકાસ અધિકારીઓના 11 વ્યક્તિગત લેજર હિસાબોમાંથી સાત[7] 2018-19 ના અંતે ₹ 2.17 કરોડની જમા સિલક દર્શાવતા હતા. આ અનુદાન વેતન અને ભથ્થાને પહોંચી વળવા માટે આપવામાં આવ્યુ હતું. આથી, અનુદાનમાંથી થયેલી બચત, જો હોય તો, તેની વર્ષના અંતે પરત સોંપણી કરવાની હતી. આમ છતાં, સાત જિલ્લા વિકાસ અધિકારીઓમાંથી કોઇએ વણવપરાયેલી સિલકની સરકારના હિસાબમાં પરત સોંપણી કરી ન હતી અને તેમના વ્યક્તિગત લેજર હિસાબોમાં માં રાખી હતી.

2.4.3 ગુજરાત રાજ્ય નાણાકીય સેવા માં ભંડોળોનું રોકાણ

નાણા વિભાગે તેના ઓક્ટોબર 2016 ના પરિપત્રથી રાજ્યમાં તમામ જાહેર ક્ષેત્રના ઉપક્રમોને 10 દિવસની અંદર જરૂર ન હોય એવા ભંડોળનું ગુજરાત રાજ્ય નાણાકીય સેવા (GSFS) માં રોકાણ કરવાની અને આવી થાપણો પર મળેલ વ્યાજ સરકારના હિસાબમાં મુખ્ય સદર 0049–વ્યાજની આવક હેઠળ જમા લેવાની સૂચના આપી હતી.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે પસંદ કરેલા બે વિભાગો (આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને મહેસૂલ) જુદી જુદી રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ માટે તેમના તાબાની કચેરીઓ/મધ્યવર્તી એજન્સીઓને ભંડોળ છુટું કરતા આવ્યા છે જેઓ બદલામાં, સંપૂર્ણ અથવા વણવપરાયેલા ભંડોળનું GSFS માં રોકાણ કરતા હતા. .

2010-19 દરમિયાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ₹ 35.79 કરોડ (ત્રણ કેસોમાં) અને મહેસૂલ વિભાગે ₹ 299.31 કરોડનું (બે કેસોમાં) એમ એકંદરે ₹ 335.10 કરોડનું GSFS માં રોકાણ કર્યું હતું જે ન તો યોજનાની માર્ગદર્શિકા મુજબ રોકાણ કરવા માટે અધિકૃત હતું કે ન તો યોજનાઓની ધીમી પ્રગતિને ધ્યાને લેતાં મધ્યવર્તી એજન્સીઓ દ્વારા જરૂરી માનવામાં આવ્યું હતું. વિગતોનો સારાંશ **કોઠો 2.11** માં છે.

[7] અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, રાજકોટ, સાબરકાંઠા અને સુરત

કોઠો 2.11: GSFS માં ભંડોળનું રોકાણ

(₹ કરોડમાં)

ક્રમાંક	યોજનાનું નામ	મધ્યવર્તી એજન્સી	અનુદાન ની રકમ	અનુદાન ની પ્રાપ્તિનું વર્ષ	વર્ષના અંતે GSFS માં સિલક	ઓડિટ અવલોકન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ						
1.	43 રાજ્યની આરોગ્ય યોજનાઓ (SHS)	SHS-ગુજરાત	42.59	2010-19	30.00	બાકીના ₹ 12.59 કરોડ SHS-ગુજરાત પાસે પડી રહ્યા હતા.
2.	ડેન્ટલ કોલેજનું પાયાનું માળખુ ઉભુ કરવું અને વેતન અને ભથ્થા	ગુજરાતની દાંતના આરોગ્યના શિક્ષણ અને સંશોધન માટેની સંસ્થા	5.00	2011-12	5.00	₹ પાંચ કરોડના પૂરેપૂરા અનુદાનનું રોકાણ GSFS માં કરવામાં આવ્યુ હતું.
3.	રાજ્યમાં રાજ્ય ઔષધ નિયમનકારી પધ્ધતિને સુદ્રઢ કરવી	કમિશનર, ,ખોરાક અને ઔષધ નિયંત્રણ સત્તાધિકારી (F&DCA)	32.58	2017-19	0.79	ચોક્કસ વાહનની ખરીદી ન થવાથી (આ વસ્તુ સરકારના ઇ-માર્કેટપ્લેસ પોર્ટલ પર ઉપલબ્ધ ન હતી) ₹ 0.79 કરોડનું રોકાણ GSFS માં કરવામાં આવ્યુ હતું.
મહેસૂલ વિભાગ						
4.	નેશનલ સાયક્લોન રિસ્ક મિટિગેશન પ્રોગ્રામ	ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA)	11.32	2015-17	11.32	₹ 11.32 કરોડના પૂરેપૂરા અનુદાનનું GSFS માં રોકાણ કરવામા. આવ્યુ હતુ..
5.	અન્ય સામાજીલ સેવાઓ- કુદરતી આપત્તિ-આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને સહાય માટે મૂડી જોગવાઇ (UDP-42)	GSDMA	287.99	2014-19	287.99	₹ 287.99 કરોડના પૂરેપૂરા અનુદાનનું GSFS માં રોકાણ કરવામાં આવ્યુ હતું. જ્યારે, યોજનાના માર્ગદર્શિકા અનુસાર આ રકમની સરકારના હિસાબમાં પરત સોંપણી કરવાની હતી..
		કુલ	379.48		335.10	

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી

2.5 આકસ્મિક ભંડોળમાંથી પેશગીઓ

ભારતના બંધારણની કલમ 267(2) અને 283(2) હેઠળની જોગવાઇઓ અનુસાર ગુજરાત આકસ્મિક નિધિ અધિનિયમ, 1960 હેઠળ રાજ્યના આકસ્મિક નિધિની રચના કરવામાં આવી છે. આ ભંડોળ એક અગ્રદાયના રૂપમાં હોય છે અને તેમાં ₹ 200 કરોડનો કોષ હોય છે. આ

ભંડોળમાંથી પેશગીઓ માત્ર અણધાર્યા અને કટોકટીના લક્ષણવાળા ખર્ચને પહોંચી વળવા માટે આપવાની હોય છે જેને વિધાનસભા દ્વારા અધિકૃતિ સુધી મુલતવી રાખવાનું અનિચ્છનિય ગણી શકાય. આકસ્મિક ભંડોળમાંથી ઉપાડેલા ભંડોળને ત્યારબાદ પૂરક જોગવાઇઓ દ્વારા ભરપાઇ કરવામાં આવે છે.

2018-19 દરમિયાન, મહેસૂલ વિભાગે અનુદાન નં. 81 (મુખ્ય સદર-5475-અન્ય સામાન્ય આર્થિક સેવાઓ પર મૂડી જોગવાઇ) હેઠળ આકસ્મિક ભંડોળમાંથી ₹ 0.25 કરોડનો ખર્ચ કર્યો હતો જેની વર્ષ દરમિયાન ભરપાઇ કરવામાં આવી ન હતી.

2.6 સહાયક અનુદાનનું મૂડી ખર્ચ તરીકે ખોટુ વર્ગીકરણ

સહાયક અનુદાનના હિસાબ અને વર્ગીકરણ અંગેના ભારતના સરકારી હિસાબી ધોરણો (IGAS)-2 નિયત કરે છે કે અનુદાન આપનાર દ્વારા અપાયેલ અનુદાનનું વર્ગીકરણ કોઇ પણ હેતુ માટે અનુદાન આપવામાં આવ્યું હોય એ ધ્યાનમાં લીધા સિવાય નાણાકીય પત્રકોમાં મહેસૂલી ખર્ચ તરીકે હિસાબોમાં નોંધવામાં આવશે. માત્ર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની સલાહ અનુસાર ભારતના રાષ્ટ્રપતિએ વિશેષ રૂપે અધિકૃત કર્યા હોય એવા કિસ્સાઓમાં સરકારના નાણાકીય પત્રકોના હિસાબના મૂડી સદરમાં ઉધારી શકાય. ઉપરાંત, સરકારના હિસાબ નિયમો, 1990 નો નિયમ 30(1) જણાવે છે કે મૂડી વિભાગમાં કરવાના મૂડીગત પ્રકારના ખર્ચની વ્યાખ્યા વ્યાપક રીતે ભૌતિક સ્વરૂપની કાયમી નક્કર અસ્ક્યામતોમાં વધારો કરવાના આશયથી કરવામાં આવેલ ખર્ચ એ રીતે કરવી જોઇએ. ઉપરાંત, ગુજરાત રાજકોષીય જવાબદારી નિયમો, 2006 માટેના રાજકોષીય દર્શકોમાંના અનુમાનો "મોટી રોકડ સહાય" નો મહેસૂલ હિસાબના ખર્ચ તરીકે સમાવેશ કરવાનું પણ નિયત કરે છે.

2018-19 દરમિયાન, રાજ્ય રકારે બે[8] વિભાગોને ₹ 11.01 કરોડના સહાયક અનુદાનની ચૂકવણી, **કોઠા 2.12** માં આપેલા વિગતો પ્રમાણે IGAS2 ના ઉલ્લંઘન રૂપે મહેસૂલ સદરના બદલે ખર્ચના મૂડી સદરે કરવામાં આવી હતી.

કોઠો 2.12: મૂડી સદરો હેઠળ સહાયક અનુદાનનું ખોટુ વર્ગીકરણ

(₹ કરોડમાં)

ક્રમાંક	વર્ગીકરણ-મુખ્ય સદર	સહાયક અનુદાન
1.	4059-જાહેર બાંધકામ માટે મૂડી જોગવાઇ	10.92
2.	4852- લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ માટે મૂડી જોગવાઇ	0.09
	કુલ	11.01

સ્રોત: વર્ષ 2018-19 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

નાણા વિભાગે અંદાજપત્રીય અંદાજોને આખરીરૂપ આપતી વખતે ખોટા વર્ગીકરણના મુદ્દાની ચકાસણી કરવા માટે અસરકારક પગલા લેવાની જરૂર છે.

[8] ઉદ્યોગ અને ખાણ, માર્ગ અને મકાન

પ્રકરણ III

નાણાકીય અહેવાલ

પ્રકરણ

III

નાણાકીય અહેવાલ

સુસંગત, આધારભૂત અને સમયસર માહિતી સહિતનો એક મજબૂત નાણાકીય અહેવાલ રાજ્ય સરકાર દ્વારા કાર્યક્ષમ અને અસરકારક શાસનમાં યોગદાન આપે છે અને તે તેની પ્રશાસનિક જવાબદારીઓ, વ્યુહાત્મક આયોજન અને યોગ્ય નિર્ણય પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સરકાર માટે મહત્વની છે. તે મજબૂત આંતરિક નિયંત્રણ માટે પણ પાયારૂપ બને છે. વર્ષ 2018-19 દરમિયાન વિવિધ નાણાકીય નિયમો, કાર્ય પધ્ધતિઓ અને નિર્દેશો પ્રત્યેના રાજ્ય સરકારના અનુપાલન ઉપર આ પ્રકરણ વિહંગાવલોકન રજુ કરે છે.

3.1 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

સામાન્ય નાણાકીય નિયમો[1], ની સાથે વંચાણે લેતાં ગુજરાત નાણકીય નિયમો, 1971[2] ની જોગવાઇ મુજબ ચોક્કસ હેતુઓ માટે આપવામાં આવેલા અનુદાન માટે, જેને અનુદાન આપવામાં આવ્યું હોય તે સંસ્થા અથવા સંગઠન દ્વારા વપરાશી પ્રમાણપત્રો નાણાકીય વર્ષ પુરૂં થયાના 12 મહિનામાં વિભાગના વડા સમક્ષ રજુ કરી દેવા જોઇએ અને ચકાસણી બાદ તે મહાલેખાકાર (હિસાબ અને હક)[3] ની કચેરીને મોકલી આપવા જોઇએ.

ઓડિટે અવલોકન કર્યું હતું કે, આમ છતાં, 2001-02 થી 2017-18 ના સમયગાળા દરમિયાન આપવામાં આવેલ અનુદાન પેટે એકંદર ₹ 4,233.95 કરોડના 2,573 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2019 ના રોજ રજુ કરવાના બાકી હતા. ચડત પ્રમાણપત્રોની સમયવાર સ્થિતિનો સારાંશ **કોઠો 3.1** માં આપેલ છે.

કોઠો 3.1: વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમયવાર વિલંબ

ક્રમાંક	વિલંબનો સમયગાળો (વર્ષમાં)	બાકી વપરાશી પ્રમાણપત્રો	
		સંખ્યા	રકમ (₹ કરોડમાં)
1.	0-2	837	3,690.57
2.	2-4	84	87.19
3.	4-6	41	77.68
4.	6-8	48	12.95
5.	8 અને વધુ	1,563	365.56
	કુલ	2,573	4,233.95

સ્ત્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા સંકલિત માહિતિ

[1] સામાન્ય નાણાકીય નિયમો, 2005 નો નિયમ 212 અને સામાન્ય નાણાકીય નિયમો, 2017 નો નિયમ 238(1)

[2] નિયમ 154 અને 155

[3] મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત, રાજકોટ

કુલ બાકી વપરાશી પ્રમાણપત્રો પૈકી, ₹ 2,995.88 કરોડની રકમના 70.76 ટકા જેટલા કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગને લગતા હતા જ્યારે 12.35 ટકા (₹ 522.87 કરોડ) આદિજાતિ વિકાસ વિભાગને લગતા હતા. ઉપરાંત, 2018-19 દરમિયાન ચૂકવવામાં આવેલા અનુદાનોની બાબતમાં એકંદરે ₹ 10,266.05 કરોડના 4,106 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2020 સુધીમાં રજૂ કરવાના રહેશે. 2017-18 સુધીમાં ચુકવવામાં આવેલા અનુદાનના વપરાશી પ્રમાણપત્રોની વિભાગ-વાર પડતરની સ્થિતિ **પરિશિષ્ટ 3.1** માં દર્શાવી છે.

વપરાશી પ્રમાણપત્રો ના અભાવે, ચૂકવવામાં આવેલા નાણાનો ઉપયોગ જે હેતુ માટે તે આપવામાં આવ્યા હતા તેના માટે કરવામાં આવ્યો છે તેની ખાતરી મળતી નથી. ઉપરાંત, બાકી વપરાશી પ્રમાણપત્રોનું ઉંચુ પ્રમાણ ઉચાપત અને છેતરપિંડીના જોખમથી ભરેલું હતું.

3.1.1 વપરાશી પ્રમાણપત્રોની સમીક્ષા

ગુજરાત નાણાકીય નિયમો, 1971 મુજબ સંસ્થા અથવા સંગઠનને પ્રસ્તુત નિયમો અથવા આ નિયમો હેઠળ નક્કી કરવામાં આવેલા સિધ્ધાંતો અનુસાર હોય અથવા નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી નક્કી કરવામાં આવ્યા હોય, એ શરતે વહીવટી વિભાગો સહાયક અનુદાન મંજૂર કરી શકે છે. ગુજરાત નાણાકીય નિયમોના નિયમ 155 નીચેની નોંધ (ii) મુજબ "સહાયક અનુદાન સાથે કોઇ ચોક્કસ શરતો જોડાયેલી ન હોય તો પણ ચૂકવાયેલ પ્રત્યેક અનુદાનના કિસ્સામાં સહાયક અનુદાનના વપરાશી પ્રમાણપત્ર આપવા પડશે. સક્ષમ અધિકારીએ સંબંધિત વિભાગના વડા ને નાણાકીય વર્ષ પૂરું થયાના 12 માસના સમયગાળા દરમિયાન વપરાશી પ્રમાણપત્ર આપવા પડશે." ચકાસણી બાદ, તેને મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરીને રવાના કરવા જોઇએ.

3.1.1.1 મહાલેખાકાર (હિસાબ અને હક) માં પ્રાપ્ત થયેલા વપરાશી પ્રમાણપત્રો ની સમીક્ષા

મહાલેખાકાર (હિસાબ અને હક) ને મળેલા એકંદરે ₹ 807.08 કરોડનું અનુદાન સંકળાયેલ હતું એવા નમૂનારૂપ[4] 81 વપરાશી પ્રમાણપત્રોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. નમૂનારૂપ આ 81 વપરાશી પ્રમાણપત્રો પાંચ વિભાગો એટલે કે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સામાજીક ન્યાય અને સશક્તિકરણ, આદિજાતિ વિકાસ અને શહેરી આવાસન અને શહેરી વિકાસ વિભાગોને લગતા હતા.

વપરાશી પ્રમાણપત્રો મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજુ કરવામાં વિલંબ

એવુ ધ્યાન પર આવ્યુ હતું કે નમૂનારૂપ 81 વપરાશી પ્રમાણપત્રોમાંથી ₹ 4.11 કરોડની રકમના 2001-02 થી 2017-18 ના સમયગાળા દરમિયાન ચુકવવામાં આવેલા અનુદાન બાબતના નવ (11 ટકા) વપરાશી પ્રમાણપત્રો પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ને વિલંબથી રજુ કરવામાં આવ્યા હતા. વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમય-વાર વિલંબનો સારાંશ નીચે **કોઠો 3.2** માં આપ્યો છે.

---

[4] 2018-19 માં મળેલા 1,726 વપરાશી પ્રમાણપત્રો માંથી ઉંચી બાકી દર્શાવતા હતા એવા પાંચ વિભાગોમાંથી યાર્દચ્છિક રીતે લીધા હતા.

કોઠો 3.2: વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમયવાર વિલંબ

ક્રમાંક	રજુ કરવામાં વિલંબ	વપરાશી પ્રમાણપત્રો	
		સંખ્યા	રકમ (₹ કરોડમાં)
01	01 થી 02 વર્ષ	5	4.07
02	02 વર્ષ થી 08 વર્ષ	0	0.00
03	08 વર્ષ અને વધુ	4	0.04
	કુલ	9	4.11

સ્ત્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા રજુ કરવામાં આવેલા માહિતી

આ નવ વપરાશી પ્રમાણપત્રોમાંથી, ₹ 2.39 કરોડની રકમના છ વપરાશી પ્રમાણપત્રો (67 ટકા) સામાજીક ન્યાય અને સશક્તિકરણ વિભાગને લગતા હતા અને અન્ય ત્રણ વપરાશી પ્રમાણપત્રો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; આરોગ્ય અને કુટુંબ કલ્યાણ; અને આદિજાતિ વિકાસ વિભાગને લગતા હતા.

અનુદાનનો ઉપયોગ ન થવો

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 154 (5) ને નોંધ 2 ની સાથે વાંચતાં એવી જોગવાઇ છે કે જો મંજૂરી આપનાર સત્તાધારીએ કોઇ સમયગાળો નિયત ન કર્યો હોય તો, અનુદાનનો ઉપયોગ ચોક્કસ હેતુસર વ્યાજબી સમયગાળામાં કરવામાં આવશે જે સામાન્ય રીતે અનુદાનની મંજૂરી જારી કરવાની તરીખથી એક વર્ષનો સમયગાળો રહેશે. અનુદાન મેળવનાર પાસે મંજૂરીની તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ કોઇ પણ વણવપરાયેલ સિલકની તરત જ સરકારમાં પરત સોંપણી કરવાની રહેશે.

વર્ષ 2001-02 અને 2017-18 વચ્ચે ચૂકવાયેલા અનુદાન માટે ત્રણ[5] વિભાગોમાંથી પ્રાપ્ત આઠ વપરાશી પ્રમાણપત્રોએ દર્શાવ્યું હતું કે અમલકર્તા એજન્સીઓ દ્વારા એક થી 16 વર્ષના સમયગાળા માટે ₹ 2.70 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો ન હતો. આમ છતાં, વણવપરાયેલા અનુદાનની સરકારના હિસાબમાં પરત સોંપણી કરવામાં આવી ન હતી.

અયોગ્ય નમૂનામાં રજુ કરેલા વપરાશી પ્રમાણપત્રો

ગુજરાત નાણાકાય નિયમો, 1971 ના નિયમ 155 ની સાથે વાંચતા, સામાન્ય નાણાકીય નિયમો, 2005 ના નિયમ 212 (1) મુજબ વપરાશી પ્રમાણપત્રો અનુદાન મેળવનાર સંસ્થાઓ/કચેરીઓ દ્વારા તેમના વિભાગો મારફતે નમૂનો GFR-19 A માં રજુ કરવા જોઇએ.

આમ છતાં, 81 વપરાશી પ્રમાણપત્રોમાંથી એકંદરે ₹ 781.85 કરોડના 69 (85 ટકા) વપરાશી પ્રમાણપત્રો નિયત નમૂનામાં રજુ કરવામાં આવ્યા ન હતા. વપરાશી પ્રમાણપત્રોમાં ક્યાં તો તે રજુ કરતાં પહેલાં કરવામાં આવેલી ચકાસણીની વિગતો તેમાં ન હતી કે ન તો અનુદાન મેળવનારાઓ દ્વારા મંજૂરી હુકમના નંબરો અને તારીખોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અયોગ્ય વપરાશી પ્રમાણપત્રોનો સ્વીકૃતિ દર્શાવે છે કે મંજૂર કરનાર વિભાગોએ જરૂરી ચકાસણી

[5] આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સામાજીક ન્યાય અને સશક્તિકરણ અને આદિજાતિ વિકાસ

કરી ન હતી અને વપરાશી પ્રમાણપત્રોના સમર્થનમાં જરૂરી દસ્તાવેજો પુરા પાડવા માટે પણ આગ્રહ રાખવામાં આવ્યો ન હતો.

વધુમાં, 81 વપરાશી પ્રમાણપત્રો પૈકી અનુદાન મેળવનાર સંસ્થાઓ દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કરેલા ₹ 58.01 કરોડના 40 વપરાશી પ્રમાણપત્રોમાં ક્યાં તો સંબંધિત વિભાગના વડા દ્વારા પ્રતિસહી કરવામાં આવી ન હતી અથવા સંબંધિત વિભાગ મારફત મોકલવામાં આવ્યા ન હતા. રજૂ કરવામાં આવેલા વપરાશી પ્રમાણપત્રોની વિશ્વસનિયતાની, આથી, ઓડિટમાં ચકાસણી કરી શકાઇ ન હતી.

3.1.1.2 મહાલેખાકાર (હિસાબ અને હક) ને વપરાશી પ્રમાણપત્રોની અયોગ્ય રજૂઆત

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 155 નીચેની નોંધ 1 (i) અનુસાર "અનુદાનના વપરાશને પ્રમાણિત કરનાર અધિકારીએ, જે શરતો પર અનુદાન મંજૂર કરવામાં આવ્યુ હતું તે પરિપૂર્ણ કરવામાં આવી છે અથવા કરવામાં આવી રહી છે એવો પોતાને સંતોષ થાય એવા પગલા લેવા જોઇએ. આ હેતુ માટે, તેને જરૂરી જણાય એ મુજબ અનુદાનમાંથી કરવામાં આવેલા ખર્ચની બાબતમાં નિયમિત સમયાંતરે, આવા અહેવાલો, પત્રકો વગેરે તેમને રજૂ કરવા માટે અનુદાન મેળવનારને જણાવી શકે".

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગમાં વર્ષ 2016-19 માટે અનુદાનના ઓડિટ દરમિયાન, ઓડિટે અવલોકન કર્યુ હતું કે ત્રણ નિયંત્રણ અધિકારીઓએ સામાન્ય નાણાકીય નિયમોના ઉલ્લંઘન રૂપે અમલકર્તા એજન્સીઓ પાસેથી ખર્ચ/રિપોર્ટો/વપરાશી પ્રમાણપત્રોની વિગતો મેળવ્યા વિના ₹ 5,977.75 કરોડ સંકળાયેલા હતા એવા 1,113 વપરાશી પ્રમાણપત્રો મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કર્યા હતા. વિગતો **કોઠો 3.3** માં દર્શાવી છે.

કોઠો 3.3: વપરાશી પ્રમાણપત્રોની અયોગ્ય રજૂઆતની વિગતો

નિયંત્રણ અધિકારીઓનું નામ	વર્ષ	રજૂ કરેલા વપરાશી પ્રમાણપત્રો	AG (A&E) ને રજૂ કરેલા વપરાશી પ્રમાણપત્રોની રકમ (₹ કરોડમાં)
જાહેર આરોગ્યના અધિક નિયામક	2016-17 થી 2018-19	461	3,310.93
તબીબી સેવાઓના અધિક નિયામક	2017-18 થી 2018-19	196	196.54
તબીબી શિક્ષણ અને સંશોધન ના અધિક નિયામક	2016-17 થી 2018-19	456	2,470.28
	કુલ	1,113	5,977.75

સ્રોતઃ સંબંધિત નિયંત્રણ અધિકારીઓ પાસેથી મેળવેલી માહિતી

ભલામણઃ મંજૂરી આપનાર અધિકારી/સંબંધિત વિભાગે વધુ અનુદાન છુટ્ટુ કરતાં પહેલાં, અગાઉ છુટા કરી દીધેલા અનુદાન માટે, વપરાશી પ્રમાણપત્રોની પ્રાપ્તિ અને યથાર્થતાની ચકાસણી સુનિશ્ચિત કરવી જોઇએ. લાંબા સમય માટે અનુદાન મેળવનાર સંસ્થાઓ પાસે પડી રહેલી વણવપરાયેલી સિલકોની સમીક્ષા કરવા સહિત વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ માટેના અવરોધોને ઓળખીને સુદ્રઢ આંતરિક નિયંત્રણ અને નાણાકીય અહેવાલની યંત્રણાની સ્થાપના કરવી જોઇએ. .

3.2 ઉચ્ચક આકસ્મિક બિલ પર ઉપાડેલી રકમ માટે હિસાબ રજૂ કરવામાં નિષ્ફળતા

રાજ્ય સરકાર દ્વારા થતા ખર્ચની બાબતો, જેના માટે ઉપાડ કરતી વખતે નિર્ણાયક વર્ગીકરણ અને સમર્થનકારી વાઉચરો ઉપલબ્ધ ન હોય, ત્યારે આકસ્મિક ખર્ચ માટેનો ઉપાડ ઉચ્ચક આકસ્મિક બિલોથી કરવામાં આવે છે. શરૂઆતમાં તેને પેશગી તરીકે ગણવામાં આવે છે અને ત્યારબાદની ગોઠવણ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડની તારીખથી ત્રણ મહિનાના નિયત સમયગાળાની અંદર વિગતવાર આકસ્મિક બિલની મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂઆત[6] મારફત સુનિશ્ચિત કરવામાં આવે છે.

ઉચ્ચક આકસ્મિક બિલોથી મોટા પ્રમાણમાં ઉપાડ અને રાજ્ય સરકાર દ્વારા વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરીને નોંધપાત્ર સંખ્યામાં ઉચ્ચક આકસ્મિક બિલોની વર્ષો પર્યંત ગોઠવણ/પતાવટ ન થવી એ ચિંતાનો વિષય છે.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, સંબંધિત વિભાગોએ ₹ 439.97 કરોડની રકમના 4,496 ઉચ્ચક આકસ્મિક બિલો માટે વિગતવાર આકસ્મિક બિલો મહાલેખાકાર (હિસાબ અને હક) ને આપ્યા ન હતા. બાકી વિગતવાર આકસ્મિક બિલોનું વર્ષ-વાર વિભાજન **કોઠો 3.4** માં આપ્યું છે.

કોઠો 3.4: રજૂ કરવાના બાકી વિગતવાર બિલો

વર્ષ	બાકી વિગતવાર બિલો	રકમ (₹ કરોડમાં)
માર્ચ 2017 સુધી	2,187	90.59
2017-18	181	14.98
2018-19	2,128	334.40
કુલ	**4,496**	**439.97**

સ્રોત: ગુજરાત સરકારના વર્ષ 2018-19 માટેના નાણાકીય હિસાબો

કોઠો 3.4 માંથી સ્પષ્ટ છે એ મુજબ, ₹ 90.59 કરોડના (20.60 ટકા) વિગતવાર આકસ્મિક બિલો બે વર્ષ કરતાં વધારે સમય માટે પતાવટ માટે પડતર હતા. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ (₹ 177.45 કરોડના 35 ઉચ્ચક આકસ્મિક બિલો); શિક્ષણ વિભાગ (₹ 84.82 કરોડના 1,876 ઉચ્ચક આકસ્મિક બિલો) અને ગૃહ વિભાગ (₹ 55.40 કરોડના 422 ઉચ્ચક આકસ્મિક બિલો) માંથી નોંધપાત્ર રકમના વિગતવાર આકસ્મિક બિલો બાકી હતા.

2018-19 માં રજૂ કરવામાં આવેલા (₹ 689.68 કરોડ) 10,505 ઉચ્ચક આકસ્મિક બિલો પૈકી, ₹ 194.61 કરોડની રકમ (28 ટકા) સંકળાયેલી હતી એવા 1,716 ઉચ્ચક આકસ્મિક બિલો માર્ચ 2019 માં રજૂ કરવામાં આવ્યા હતા જ્યારે 1,716 બિલોમાંથી ₹ 7.63 કરોડના ચાર બિલો નાણાકીય વર્ષના છેલ્લા દિવસે રજૂ કરવામાં આવ્યા હતા. ₹ 7.63 કરોડ જેટલી રકમના ચાર ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી ₹ 6.22 કરોડનું એક ઉચ્ચક આકસ્મિક બિલ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવ્યુ હતું.

---

[6] ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ

માર્ચ મહિનામાં ઉચ્ચક આકસ્મિક બિલ સામે થયેલો નોધપાત્ર ખર્ચ દર્શાવે છે કે પ્રથમ દ્રષ્ટિએ આ ઉપાડ અંદાજપત્રીય જોગવાઇઓના નાણા વાપરી નાખવા માટે હતો અને તેણે અપૂરતું અંદાજપત્રીય નિયંત્રણ દર્શાવ્યું હતું.

પેશગીનો ઉપાડ કરીને હિસાબમાં ન લેવાય તે પણ બગાડ/ઉચાપત/દુરાચાર વગેરેની શક્યતાઓમાં વધારો કરે છે.

3.2.1 આયોજીત પ્રવૃત્તિઓ માટે અનિયમિત રીતે આકસ્મિક બિલોથી ઉપાડ

ઉચ્ચક આકસ્મિક બિલ મારફત ખર્ચ આયોજીત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નહીં પરંતુ માત્ર આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે કરવો જોઇએ.

ઓડિટના ધ્યાન પર એવુ આવ્યું હતું કે મહેસૂલ વિભાગ હેઠળના પાંચ[7] મામલતદારોએ[8] સરકારી જમીન પર ના દબાણો હટાવવાની કામગીરી માટે આયોજન કર્યું હતું જેના માટે 2017-18 ના અંદાજપત્રીય અંદાજોમાં જોગવાઇ કરવામાં આવી હતી છતાં, તે કામગીરી હાથ ધરવા માટે 2017-18 દરમિયાન 13 ઉચ્ચક આકસ્મિક બિલ રજૂ કર્યા હતા.

₹ 75,000 ની રકમનું માત્ર એક બિલ સમયસર રજૂ કરવામાં આવ્યુ હતું (માર્ચ 2018). બાકીના 12 એકંદરે ₹ 3.88 કરોડના ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી, ₹ 1.34 કરોડ ચાર[9] મામલતદારોના બેંક ખાતામાં વપરાયા વિના પડી રહ્યા હતા જ્યારે ₹ 2.54 કરોડ અમદાવાદ ખાતે વાડ બનાવવાનું કામ (ડિસમ્બર 2019) હાથ ધરવા માટે માર્ગ અને મકાન વિભાગના હવાલે મુકવામાં આવ્યા હતા. માર્ગ અને મકાન વિભાગે ન તો તેમના દ્વારા કરવામાં આવેલા ખર્ચનો વિગતવાર હિસાબ રજૂ કર્યો હતો કે ન તો વણવપરાયેલી સિલક જે તે મામલતદારને મોકલી આપી હતી.

આયોજન પ્રવૃત્તિઓ માટે ઉચ્ચક આકસ્મિક બિલ થી નાણા ઉપાડવા તે યોગ્ય ન હતું.

3.2.2 AC/DC બિલોની સમીક્ષા

ઓડિટે પાંચ વિભાગો એટલે કે શિક્ષણ, ગૃહ, ઉદ્યોગ અને ખાણ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પંચાયતો, ગ્રામિણ આવાસન અને ગ્રામ્ય વિકાસ માંથી મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરીમાં પ્રાપ્ત થયેલા 2014-19 ના સમયગાળાને લગતા 115 AC/DC બિલો (₹ 4.28 કરોડ સંકળાયેલા હતા એવા) નમૂના[10] તરીકે પસંદ કર્યા હતા. આમાં આશય એ હતો કે

---

7 ધાટલોડીયા, મણીનગર, સાબરમતી, વટવા અને વેજલપુર

8 મામલતદાર એ ગામોના સરેરાશ 50 અથવા વધારે જૂથોનો સમાવેશ થતો હોય એવા મહેસૂલી વહાવટીતંત્રના વડા છે.

9 ધાટલોડીયા, મણીનગર, સાબરમતી, અને વટવા

10 વધારે બાકી દર્શાવતા પાંચ વિભાગો પાસેથી 2018-19 માં પ્રાપ્ત થયેલા 4,831 ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી આડાઅવળા કાઢેલા

અમલમાં મુકવામાં આવેલી ઉપાડ અને AC/DC બિલો રજૂ કરવાની પધ્ધતિ આ વિભાગો દ્વારા નિષ્ઠાપુર્વક અનુસરવામાં આવે છે તેની ખાતરી મેળવવી.

3.2.2.1 પહેલા કરી નાખવામાં આવેલા ખર્ચ માટે આકસ્મિક બિલથી ઉપાડ

ગુજરાત તિજોરી નિયમો, 2000 મુજબ, કોઇ પણ ખર્ચ, આવા ખર્ચ માટે સક્ષમ અધિકારીની મંજૂરી સિવાય કરી શકાય નહીં.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 115 કેસોમાંથી ₹ 0.75 કરોડ સંકળાયેલા હતા એવા 16 કેસોમાં, વિગતવાર આકસ્મિક બિલ સાથે જોડેલા વાઉચરો ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડવાની/સક્ષમ અધિકારીના મંજૂરી ની તારીખથી પહેલાંની તારીખ દર્શાવતા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ખર્ચ કરી નાખવામાં આવ્યા બાદ ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડવામાં આવ્યા હતા.

3.2.2.2 રજૂ કરવાના અગાઉના બાકી વિગતવાર બિલો નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળતા

ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ, નવું ઉચ્ચક આકસ્મિક બિલ રજૂ કરતી વખતે ઉપાડ અધિકારીએ પ્રમાણિત કરવું જોઇએ કે નવુ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડના તારીખ અગાઉના ત્રણ મહિનાના સમયગાળાને લગતા કોઇ વિગતવાર આકસ્મિક બિલ પડતર નથી. પસંદ કરેલા વિભાગોના 115 ઉચ્ચક આકસ્મિક બિલોની ઓડિટ ચકાસણીમાં નીચે મુજબ જોવામાં આવ્યુ હતુઃ

- 115 પૈકી સાત કેસોમાં, સંબંધિત ઉપાડ અધિકારીઓ ઉચ્ચક આકસ્મિક બિલો પર પર આવશ્યક પ્રમાણપત્રની નોંધ કરી ન હતી, અને
- 115 કેસો પૈકી 49 માં, ઉપાડ અધિકારીઓ દ્વારા નોંધવામાં આવેલા પ્રમાણપત્રો ભૂલોવાળા હતા. ઓડિટ દ્વારા પડતર ઉચ્ચક આકસ્મિક બિલોની તારીજ સાથે ઉલટ ખરાઇ એ અગાઉના સમયગાળાને લગતા વિગતવાર આકસ્મિક બિલોની પડતરની સ્થિતિ દર્શાવી હતી.

ઉપરની અપૂર્ણતાઓ દર્શાવતી હતી કે ઉપાડ અધિકારીઓએ નવા ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડતા પહેલાં યોગ્ય ચકાસણી કરી ન હતી.

3.2.2.3 વિગતવાર બિલો રજૂ કરવામાં વિલંબ

₹ 1.52 કરોડ સંકળાયેલા હતા એવા 48 કેસોમાં, વિગતવાર બિલો રજૂ કરવામાં છ દિવસ થી 1,214 દિવસોનો વિલંબ થયો હતો. ₹ 0.58 કરોડ સંકળાયેલા હતા એવા 14 કેસોમાં, વિગતવાર બિલો રજૂ કરવામાં આવ્યા ન હતા અને ડિસેમ્બર 2019 ની સ્થિતિએ વિલંબ 188 દિવસ અને 550 દિવસ વચ્ચે રહ્યો હતો.

ભલામણઃ મંજૂરી આપનાર અધિકારીઓએ કે ઉચ્ચક આકસ્મિક બિલ પર ઉપાડેલા નાણાની નિયત સમયમર્યાદામાં વિગતવાર આકસ્મિક બિલ રજૂ કરીને સત્વર પતાવટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવુ જોઇએ. નાણા વિભાગે પણ ઉચ્ચક આકસ્મિક બિલોની પડતર નીચે આવે એ સુનિશ્ચિત કરવુ જોઇએ.

3.3 સરકાર તરફથી નોંધપાત્ર પ્રમાણમાં નાણા મેળવતી સંસ્થાઓ/સત્તામંડળો

3.3.1 સરકાર તરફથી નોંધપાત્ર પ્રમાણમાં નાણા મેળવતી સંસ્થાઓ/સત્તામંડળોને લગતી માહિતી ન મળવી

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ, જ્યારે ભારતના અથવા કોઇ પણ રાજ્યના એકત્રિત નિધિમાંથી કોઇ સંસ્થા અથવા સત્તામંડળને અનુદાન અથવા લોન દ્વારા વધુ પ્રમાણમાં નાણા પુરા પાડવામાં આવે ત્યારે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (CAG) આવી સંસ્થા અથવા સત્તામંડળને તે સમયે લાગુ પડતા કોઇ પણ કાયદાની જોગવાઇઓને અધિન, કિસ્સા મુજબ, તે સંસ્થા અથવા સત્તામંડળની તમામ આવક અને ખર્ચનું ઓડિટ કરશે અને તેમણે કરેલા આવક અને ખર્ચના ઓડિટ પરનો અહેવાલ આપશે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 15 હેઠળ, જ્યારે ભારતના અથવા કોઇ પણ રાજ્યના એકત્રિત નિધિમાંથી કોઇ પણ ચોક્કસ હેતુ માટે કોઇપણ સત્તામંડળ અથવા સંસ્થાને અનુદાન અથવા લોન આપવામાં આવે ત્યારે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, જે શરતને આધિન અનુદાન અથવા લોન આપવામાં આવી હતી તે પરિપૂર્ણ થયા બાબતમાં મંજૂરી આપનાર અધિકારી પોતે ખાતરી કરે છે એ પધ્ધતિની ચકાસણી કરશે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 અને 15 હેઠળ ઓડિટને પાત્ર થાય એવી સંસ્થાઓને ઓળખી કાઢવા માટે સરકાર/વિભાગના વડાઓએ દર વર્ષે વિવિધ સંસ્થાઓને આપેલી નાણાકીય મદદ, જે હેતુ માટે આપવામાં આવી હતી અને સંસ્થાઓના કુલ ખર્ચની વિગતવાર માહિતી ઓડિટ કચેરીને આપવાની હોય છે. ઓડિટ અને હિસાબના નિયમો, 2007 માં જોગવાઇ છે કે સરકારો અને વિભાગીય વડાઓ કે જે સંસ્થાઓ અથવા સત્તામંડળોને અનુદાન અને/અથવા લોન મંજૂર કરે છે તેમણે આવી સંસ્થાઓ અથવા સત્તામંડળને પાછલા વર્ષ દરમિયાન એકંદર ₹ 10 લાખ અથવા વધુ નું અનુદાન અને/અથવા લોન આપવામાં આવી હોય તેનું (ક) જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવી હતી અને (ખ) સંસ્થા અથવા સત્તામંડળનો કુલ ખર્ચ દર્શાવતું એક પત્રક વર્ષના જુલાઇ મહિનાના અંત સુધીમાં રજુ કરવાનું હોય છે.

આ મુદ્દો રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યો ત્યારે, 27 વિભાગો પૈકી ફક્ત પાંચ[11] વિભાગોએ 2018-19 દરમિયાન જુદી જુદી સંસ્થાઓ અને સત્તામંડળોને આપેલા સહાયક

[11] નાણા; સામાન્ય વહીવટ; સામાજીક ન્યાય અને સશક્તિકરણ; કાયદો; ગુજરાત વિધાનસભા સચિવાલય

અનુદાનની વિગતો રજુ કરી હતી. વિભાગોએ રજૂ કરેલી માહિતીના આધારે, 46 નવી સંસ્થાઓ/સત્તામંડળોના ઓડિટ નિશ્ચિત કરવામાં આવ્યા હતા. 22 વિભાગોમાંથી માહિતી ન મળવાથી આપવામાં આવેલી નાણાકીય મદદની સંપૂર્ણ વિગતોના અભાવે એટલા પ્રમાણમા તેમના દ્વારા મંજૂર થયેલું/ચૂકવવામાં આવેલું અનુદાન કઇ રીતે ઉપયોગમાં લેવામાં આવ્યું હતું તે અંગેની વ્યાજબી ખાતરી વિધાનસભા/સરકારને આપી શકાઇ ન હતી.

3.3.2 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળો દ્વારા હિસાબો રજુ ન કરવા/વિલંબથી કરવા

જુદી જુદી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજુ કરવામાં આવેલા હિસાબોના આધારે નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ ઓડિટ હાથ ધરવામાં આવે છે. આ કલમ હેઠળ આવરી લેવાયેલી 207 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળો છે. આ સંસ્થાઓનું ઓડિટ તેમના વ્યવહારો, કામગીરીની પ્રવૃત્તિઓ અને હિસાબો, પ્રણાલી/પધ્ધતિઓની સમીક્ષા, આંતરિક નિયંત્રણો વગેરેને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

વર્ષ 2018-19 દરમિયાન 19 સંસ્થાઓ/સત્તામંડળોને લગતા કુલ 41 હિસાબો (પહેલાના વર્ષોના હિસાબો સહિત) નું ઓડિટ કરવામાં આવ્યું હતું. 19 પૈકી 10 સ્વાયત્ત સંસ્થાઓએ તેમના વર્ષ 2018-19 માટેના ચાલુ હિસાબો રજૂ કર્યા છે. જો કે, 2018-19 સુધીમાં રજુ કરવાપાત્ર 207 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના 911 હિસાબો 31 જુલાઇ 2019 ની સ્થિતિએ PAG (E&RSA)[12] અને PAG (G&SSA)[13] ગુજરાતને મળ્યા ન હતા.

જે 207 સ્વાયત્ત સંસ્થાઓએ હિસાબો રજૂ કર્યા નથી તેની વિગતો **પરિશિષ્ટ 3.2** માં આપી છે અને વય મુજબ તેમની બાકી ની સ્થિતિ **કોઠો 3.5** માં દર્શાવ્યા છે.

કોઠો 3.5: સરકારી સંસ્થાઓ પાસેથી મળવાપાત્ર વય-વાર પાછલા બાકી વાર્ષિક હિસાબો

ક્રમાંક	વર્ષોની સંખ્યામાં પડતર કેસો	સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોની સંખ્યા
1.	એક વર્ષ કરતાં ઓછા	13
2.	1-3	112
3.	3-5	26
4.	5-10	36
5.	10 કરતાં વધુ	20
કુલ		207

સ્રોત: PAG (E&RSA) ની કચેરી અને PAG (G&SSA) ની કચેરી દ્વારા સંકલિત માહિતી

[12] પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર લેખાપરીક્ષા), ગુજરાત, અમદાવાદ.

[13] પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર લેખાપરીક્ષા), ગુજરાત, રાજકોટ

ઉપરનો **કોઠો 3.5** દર્શાવે છે કે 56 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તમંડળોના હિસાબો પાંચ કરતા વધારે વર્ષો માટે બાકી હતા. વાર્ષિક હિસાબો ન હોવાથી આ સંસ્થાઓ/સત્તામંડળોને ચૂકવેલા અનુદાન અને લોનનો હિસાબ/ઉપયોગની ઓડિટ દ્વારા ચકાસણી થઇ શકી ન હતી.

વિવિધ સંસ્થાઓને ચૂકવવામાં આવેલા અનુદાન અને લોન બાબતમાં માહિતી રજુ ન કરવી અને તેમના દ્વારા હિસાબો રજૂ ન થવા તે ભંડોળોના દુરૂપયોગના જોખમમાં વધારો કરે છે અને નાણા વિભાગે આવી તબદીલીઓ પર નજર રાખવી જોઇએ.

3.4 હિસાબો રજૂ કરવામાં અને સ્વાયત્ત સંસ્થાઓના અલગ ઓડિટ અહેવાલો (SARs) મુકવામાં વિલંબ

રાજ્ય સરકારે વિકાસ, આવાસન વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓ ઉભી કરી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઓડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 63 સ્વાયત્ત સંસ્થાઓનું ઓડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. આનું ઓડિટ તેમના વ્યવહારો, સંચાલનની પ્રવૃત્તિઓ અને હિસાબ, પ્રણાલી/પધ્ધતિઓની સમીક્ષા, આંતરિક વ્યવસ્થાપન અને નાણાકીય નિયંત્રણ વગેરેના આધારે કરવાના હોય છે. 63 માંથી પ્રત્યેક સ્વાયત્ત સંસ્થાના સંબંધમાં અલગ ઓડિટ અહેવાલ (SAR) સરકારને રજુ કરવા જરૂરી છે જ્યારે આ 63 SAR માંથી 36 વિધાનસભામાં મૂકવા જરૂરી છે.

63 માંથી માત્ર 14 સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2018-19 માટેના હિસાબો રજુ કર્યા છે જ્યારે બાકીની 49 સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2006-07 થી 2018-19 માટેના હિસાબો રજૂ કર્યા નથી. બાકીની આ 49 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ ન કરવાનો ઓગષ્ટ 2019 સુધીનો વિલંબનો સમયગાળો બે મહિનાથી 134 મહિના સુધીનો રહ્યો હતો. 63 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં પ્રાપ્ત થયેલા[14] હિસાબો અને SAR વિધાનસભામાં મુકવાની સ્થિતિ દર્શાવતુ પત્રક **પરિશિષ્ટ 3.3** માં દર્શાવ્યા છે.

49 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો ઓડિટને રજૂ કરવામાં થયેલા વિલંબ અને 36 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં SARs વિધાનસભામાં મુકવામાં થયેલા વિલંબ ની વિગતો **કોઠો 3.6** માં દર્શાવવામાં આવી છે.

[14] નાણાકીય વર્ષ પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ કરવાના હોય છે. (પ્રતિવર્ષ 30 જૂન)

કોઠો 3.6: હિસાબો રજૂ કરવામાં અને પૂરક ઓડિટ અહેવાલો વિધાનસભામાં મુકવામાં વિલંબ

ઓડિટ માટે હિસાબોની રજૂઆત		SAR વિધાનસભામાં મુકવા	
વિલંબનો સમયગાળો (ઑગષ્ટ 2019 સુધી)	સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા	વિલંબ	સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા
1 વર્ષ સુધી	32	Up to 1 વર્ષ સુધી	16
2 વર્ષો	4	1 – 2 વર્ષ	3
2 વર્ષ થી વધારે	13	2 વર્ષ કરતાં વધારે	17
કુલ	49	કુલ	36

સ્રોતઃ PAG (E&RSA) ની કચેરી અને PAG (G&SSA) ની કચેરી દ્વારા સંકલિત કરવામાં આવેલી માહિતી

હિસાબો રજૂ કરવામાં અને અહેવાલો વિધાનસભાના ટેબલ પર મુકવામાં થયેલ અતિશય વિલંબ, આ સંસ્થાઓ જેમાં સરકારનું રોકાણ કરવામાં આવેલુ છે તેની કામગીરીની ચકાસણીમાં વિલંબમાં પરિણમ્યો હતો. ઉપરાંત, સરકાર દ્વારા લેવાપાત્ર ઉપચારાત્મક પગલા, કોઇ હોય તો, તેમાં પણ વિલંબ થયો હતો.

ભલામણઃ નિયંત્રણ વિભાગોએ સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના હિસાબોના આખરીકરણમાં વિલંબ માટેના કારણો શોધવાં જોઇએ કે જેથી તે અંગે યોગ્ય ઉપચારાત્મક પગલા લઇ શકાય અને પાછલા બાકી હિસાબોના ભરાવાનો સમયબધ્ધ રીતે નિકાલ શકાય.

3.5 વ્યક્તિગત થાપણ/ વ્યક્તિગત લેજર હિસાબ

3.5.1 વ્યક્તિગત થાપણ હિસાબ

વ્યક્તિગત થાપણ હિસાબ (PD Account) નો આશય ચોક્કસ હેતુ માટે તિજોરી હિસાબમાં આવક જમા કરવા માટે અને રાજ્ય એકત્રિત નિધિ માંથી બારોબાર ઉપાડ કરવાની તેના વહીવટકર્તાને સુવિધા આપવાનો છે. તેના વહીવટકર્તાઓ તરીકે તેમની સત્તાવાર ફરજ બજાવતા અથવા અન્ય કોઇ ક્ષમતામાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓ જ હોવા જોઇએ. આ રીતે ખાતું ખોલવા માટે અધિકૃત કરવામાં આવેલા દરેક વ્યક્તિગત થાપણ હિસાબ જાહેર હિસાબ હેઠળ સરકારી હિસાબનો ભાગ રહેશે.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, 17 વિભાગોના 484 વયક્તિગત થાપણ હિસાબો[15] હતા જેની જીલ્લા તિજોરીઓમાં ₹ 581.01 કરોડની બંધ સિલક હતી જે નાણાકીય વર્ષ બંધ થયા પહેલાં રાજ્યના એકત્રિત હિસાબમાં તબદીલ કરવામાં આવી ન હતી.

2018-19 દરમિયાન 13 નવા હિસાબો ખોલવામાં આવ્યા હતા અને 11 બંધ કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ સૌથી મોટી સંખ્યામાં (145) વ્યક્તિગત થાપણ હિસાબો ધરાવતુ હતું જેના

[15] મુખ્ય સદર 8443-106-સીવીલ ડિપોઝીટો-પર્સનલ ડિપોઝીટો હેઠળ

પછી સામાન્ય વહીવટ વિભાગ (74) અને કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ (53) આવતા હતા. 2018-19 દરમિયાન, CFS માંથી ₹ 1,610.57 કરોડ વ્યક્તિગત થાપણ હિસાબોમાં જમા કરવામાં આવ્યા હતા અને તેમાંથી ₹ 1,476.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વધુમાં, 31 માર્ચ 2019 ની સ્થિતિએ 484 માંથી ₹ 1.70 કરોડની કુલ સિલક હતી એવા 26 વ્યક્તિગત થાપણ હિસાબો ત્રણ કરતાં વધારે વર્ષોથી નિષ્ક્રિય હતા.

વ્યક્તિગત થાપણ હિસાબોમાં પડી રહેલી વણવપરાયેલી સિલકોને નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં રાજ્યના એકત્રિત હિસાબમાંમાં તબદીલી કરવામાં ન આવે તો જાહેર નાણાનો દુરૂપયોગ, છેતરપીંડી અને ઉચાપતનું જોખમ ઉભુ કરે છે.

અન્ય રાજ્યોની તુલનાએ, વ્યક્તિગત થાપણ હિસાબોની સ્થિતિ ટકી શકે એવી હતી. આમ છતાં, વ્યકતિગત થાપણ હિસાબો જે એક વર્ષ કરતાં વધારે સમય માટે સક્રિય ન હતા તેના પર નાણા વિભાગે ધ્યાન આપવુ જોઇએ અને તેના પર જરૂરી કાર્યવાહી કરવી જોઇએ.

3.5.2 વ્યક્તિગત થાપણ હિસાબોની સમીક્ષા

વ્યક્તિગત થાપણ હિસાબો ના વહીવટ માટે સંબંધિત નિયમોના અનુપાલનની તપાસ કરવા માટે વર્ષ 2016-19 ના સમયગાળા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના વહીવટકર્તાઓના પાંચ[16] વ્યક્તિગત થાપણ હિસાબો ની ઓડિટે સમીક્ષા કરી હતી. વહીવટકર્તાઓએ વ્યક્તિગત થાપણ હિસાબોનો ઉપયોગ હોસ્ટેલ ફી, દાખલ ફી, કોર્સ ફી જેવી થાપણો અને પુરવઠાકારો/કોન્ટ્રાક્ટરોની બાનાની રકમ/સુરક્ષા થાપણો ની પ્રાપ્તિ/રિફન્ડ માટે કરવાનો હતો.

આ વહીવટકર્તાઓ દ્વારા સંચાલિત વ્યક્તિગત થાપણ હિસાબો પરના મુખ્ય ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

3.5.2.1 વ્યક્તિગત થાપણ હિસાબોના સંચાલનના સત્તાધિકારના પત્રોનો અભાવ

વ્યક્તિગત થાપણ હિસાબોનું સંચાલન માત્ર મહાલેખાકાર (હિસાબ અને હક) ની અધિકૃતિ સાથે જ કરી શકાય અને સત્તાધિકારના પત્રમાં ઉલ્લેખ કરેલી શરતો અનુસાર સંચાલન કરવું જોઇએ. આમ છતાં, પાંચ વહીવટકર્તાઓ દ્વારા સત્તાધિકારના પત્રો ઓડિટને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા ન હતા. વહીવટકર્તાઓએ જણાવ્યુ હતું (ડિસેમ્બર 2019) કે સત્તાધિકારના પત્રોનો પત્તો મળતો ન હતો, કારણ કે તે ઘણા વર્ષો અગાઉ જારી કરવામાં આવ્યા હતા. સત્તાધિકારના પત્રો ન હોવાથી, લાગુ પડતી શરતોને વળગી રહીને વહિવટકર્તાઓ દ્વારા વ્યક્તિગત થાપણ હિસાબોનું સંચાલનમાં કરવામાં આવતુ હતું કે કેમ તેની ખાત્રી ઓડિટમાં કરી શકાઇ ન હતી.

---

[16] (i) મુખ્ય જીલ્લા તબીબી અધિકારી-સહ-સીવીલ સર્જન, જનરલ હોસ્પીટલ, ગાંધીનગર, (ii) તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ, (iii) ડીન, ડેન્ટલ કોલેજ અને હોસ્પીટલ, અમદાવાદ, (iv) નિયામક, એમ.જે. ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ અને (v) ડીન, બી.જ. મેડીકલ કોલેજ, અમદાવાદ

3.5.2.2 વ્યક્તિગત થાપણ હિસાબોમાં ફી અયોગ્ય રીતે રાખવી

ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 25 મુજબ, સરકારી સંસ્થાઓમાં એકત્રિત કરેલી તમામ પ્રકારની ફી તેની પ્રાપ્તિના બે અથવા ત્રણ દિવસની અંદર સરકારી હિસાબમાં જમા કરવી જોઇએ.

ઓડિટે જોયું હતું (ડિસેમ્બર 2019) કે ત્રણ વ્યક્તિગત થાપણ હિસાબોમાં પેરા-મેડીકલ કોર્સ ફી અને અખિલ ભારતીય દાખલ ફી (માર્ચ 2019 સુધીમાં એકત્ર કરેલી) ના હિસાબે ₹ 1.81 કરોડ[17] જમા થયા હતા, પરંતુ જેને ડિસેમ્બર 2019 ની સ્થિતિએ સરકારના હિસાબ ખાતે જમા કરવામાં આવ્યા ન હતા.

3.5.2.3 કેશબુક અને તિજોરી મુજબ સિલકોનું બિન-મેળવણુ

ગુજરાત તિજોરી નિયમો, 2000 નો નિયમ 398 નિયત કરે છે કે વ્યક્તિગત થાપણ હિસાબોના વહીવટકર્તાઓએ પૂર્વવર્તી નાણાકીય વર્ષ માટેની તેમની સિલકોનું પછીના નાણાકીય વર્ષની 30 જૂન સુધીમાં સંબંધિત તિજોરી કચેરીઓ સાથે સમાધાન કરવુ જોઇએ.

તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદની વ્યક્તિગત થાપણ હિસાબની ચકાસણીમાં, વર્ષ 2016-17, 2017-18 અને 2018-19 માટેની સિલકોનુ મેળવણુ ન થયુ હોવાના કારણે વ્યક્તિગત થાપણ હિસાબની કેશબુક અને તિજોરાની સિલક વચ્ચે ₹ 0.50 લાખનો તફાવત જોવામાં આવ્યો હતો.

3.5.2.4 યોજનાઓના ભંડોળ વ્યક્તિગત થાપણ હિસાબમાં રાખવા

વ્યક્તિગત થાપણ હિસાબ જે હેતુ માટે તે શરૂ કરવામાં આવ્યો હોય તેના માટે જ તેનું સંચાલન થવુ જોઇએ અને તેનો ઉપયોગ ભંડોળો રાખી મુકવા માટે ન થવો જોઇએ. તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદની કેશબુક અને સંબંધિત રેકર્ડની ચકાસણીમાં જોવામાં આવ્યુ હતું કે શાળા આરોગ્ય રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ 2016-18 દરમિયાન આરોગ્ય કમિશનર દ્વારા આપવામાં આવેલા ₹ 11.10 કરોડ અયોગ્ય રીતે વ્યક્તિગત થાપણ હિસાબમાં રાખી મુકવામાં આવ્યા હતા.

₹ 11.10 કરોડમાંથી, માર્ચ 2018 સુધીમાં માત્ર ₹ 5 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને વ્યક્તિગત થાપણ હિસાબમાં ₹ 6.10 કરોડની વણવપરાયેલી સિલક પડી રહી હતી (ડિસેમ્બર 2019).

---

[17] મુખ્ય જીલ્લા તબીબી અધિકારી-સહ-સીવીલ સર્જન, જનરલ હોસ્પીટલ, ગાંધીનગર, તબીબી સુપ્રિન્ટેન્ડન્ટ, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ, અને ડીન, બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ.

3.5.3 વ્યક્તિગત લેજર હિસાબનું સંચાલન

પંચાયત, ગ્રામિણ આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ જીલ્લા કક્ષાએ 33 જીલ્લા વિકાસ કચેરીઓ (DDO) અને તાલુકા કક્ષાએ 247 તાલુકા વિકાસ કચેરીઓ (TDO) સંબંધિત 280 વ્યક્તિગત લેઝર હિસાબો[18] હતા. 01 એપ્રિલ 2018 ની સ્થિતિ મુજબ, વ્યક્તિગત લેઝર હિસાબોમાં ₹ 12,785.81 કરોડની ઉધડતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં ₹ 41,012.13 કરોડની આવક અને ₹ 41,396.67 કરોડની ચૂકવણીઓ થઇ હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 12,401.27 કરોડની બંધ સિલક રહી હતી.

3.5.4 અદાલતી થાપણોના વ્યક્તિગત લેજર હિસાબો ની સમીક્ષા

3.5.4.1 મુદતી થાપણોની યાદી ન નિભાવવી

ગુજરાત રાજ્યમાં અદાલતો જજો દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓને અનુસરીને જુદા જુદા કેસોમાં થાપણો તરીકે નાણા પ્રાપ્ત કરે છે. વ્યાજ વગરની આ થાપણોનું વર્ગીકરણ બે વર્ગો એટલે કે (i) સીવીલ કોર્ટ ડિપોઝીટો[19] અને (ii) ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટો[20] માં કરવામાં આવે છે. સંબંધિત અદાલત દ્વારા થયેલા હુકમ અન્વયે આ રીતે જમા કરવામાં આવેલા નાણા, કેસમાં અદાલત દ્વારા નિર્ણય લેવામાં આવે એટલે પક્ષકાર/વ્યક્તિને પરત કરવામાં આવે છે.

કાયદા વિભાગ હેઠળ હાઇ કોર્ટ અને તાબાની કોર્ટોમાં 277 સીવીલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો અને 318 ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો ચલાવવામાં આવતા હતા. 01 એપ્રિલ 2018 ના રોજ, સીવીલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો માં ₹ 620.70 કરોડની ખૂલતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં આવક ₹ 3,562.36 કરોડ અને ચૂકવણીઓ ₹ 3,418.04 કરોડની હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 765.02 કરોડની બંધ સિલક રહી હતી. ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટના વ્યક્તિગત લેજર હિસાબો માં 01 એપ્રિલ 2018 ના રોજ ₹ 128.33 કરોડની ખૂલતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં ₹ 125.92 કરોડની પ્રાપ્તિ અને ₹ 87.58 કરોડની ચૂકવણીઓ થઇ હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 166.67 કરોડની બંધ સિલક રહી હતી.

વ્યાજની કોઇ આવક વિના કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો માં ઘણી મોટી રકમો પડી રહી હતી એ હકીકત હોવાથી, ગુજરાત હાઇ કોર્ટે 2009 માં તમામ અદાલતોને આદેશ કર્યો હતો કે વ્યક્તિગત લેજર હિસાબો માં આ રીતે ધારણ કરેલી રકમોનું સંબંધિત અદાલતોના રજીસ્ટ્રારો દ્વારા રાષ્ટ્રિયકૃત બેંકોમાં મુદતી થાપણોમાં રોકાણ કરવુ જોઇએ. કેસના ન્યાય-નિર્ણય ની અંતિમતા સુધી થાપણો પરનું વ્યાજ પક્ષકારો ન ગુમાવે તે સુનિશ્ચિત કરવાનો આશય હતો.

---

18 મુખ્ય સદર – 8448-109 – લોકલ ફંડની થાપણો-પંચાયતી સંસ્થાઓના ભંડોળો હેઠળ

19 મુખ્ય સદર-8443-104-સીવીલ કોર્ટ ડિપોઝીટો હેઠળ

20 મુખ્ય સદર-8443-105-ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટો હેઠળ

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે કાયદા અથવા નાણા વિભાગે મુદતી થાપણોમાં રોકાણ કરેલી રકમોની નોંધ રાખવા માટે અને મુદત-વિતી ડિપોઝીટોના કેસોમાં અનુસરવાની પધ્ધતિ બાબતમાં કોઇ પ્રણાલી ઉભી કરવા માટે કોઈ ઠરાવ/જાહેરનામું બહાર પાડ્યું ન હતું.

ચાર[21] વ્યક્તિગત લેજર હિસાબો ની પ્રતિક ચકાસણીમાં મુદતી થાપણોમાં રોકાણ કરેલી રકમોનો કોઇ રેકર્ડ ન હોવાનું બહાર આવ્યુ હતું અને આથી, જાહેર હિસાબની બહાર રાખવામાં આવેલી ડિપોઝીટોનું પ્રમાણ આકારવાનું મુશ્કેલ હતું. ઓડિટે વધુમાં એવું અવલોકન કર્યું હતું કે ડિપોઝીટો સ્વીકારવા (રજીસ્ટર C) અને ડિપોઝીટો છુટી કરવા (રજીસ્ટર D) માટેના રજીસ્ટરો મુદતી થાપણો કર્યાના કોઇ સંદર્ભ વિના નિભાવવામાં આવતા હતા.

આમ, મુદતી થાપણો પર દેખરેખ, તેનો હિસાબ અને માલયાદી નિભાવવા માટેની કોઇ પધ્ધતિ અસ્તિત્વમાં ન હતી. આવી કોઇ પધ્ધતિના અભાવે, જાહેર હિસાબની બહાર કરવામાં આવેલી આવી મુદતી થાપણો સંબંધી માહિતી સરકારના નાણાકીય હિસાબોમાં જાહેર કરી શકાઇ ન હતી.

3.5.4.2 મુદત વિતી થાપણોના સંબંધમાં નિયમોનું બિન-અનુપાલન

સીવીલ મેન્યુઅલ, 1960 નિયમ 672 (22) અનુસાર, દાવાના છેવટના ન્યાય-નિર્ણય અથવા કાર્યવાહીની તારીખથી પુરા ત્રણ કરતા વધારે હિસાબી વર્ષો માટે દાવો કરવામાં આવ્યો ન હોય એવી થાપણો દર વર્ષે માર્ચ મહિનો પૂર્ણ થયે સરકારના હિસાબમાં જમા કરવામાં આવશે. ત્યારબાદના મહિનામાં, અદાલત માંડવાળ કરેલા અને સરકારના હિસાબમાં જમા કરેલી સિલકોનું પત્રક મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કરશે.

ઓડિટ દરમિયાન, એવુ ધ્યાન પર આવ્યુ હતું કે છેવટના ન્યાય-નિર્ણય બાદ સરકારમાં જમા થયેલી મુદત-વિતી રકમોની વિગતો, પ્રતિક ચકાસણી કરવામાં આવી હતી તે ચાર વ્યક્તિગત લેઝર હિસાબોના રજીસ્ટ્રારો પાસે ઉપલબ્ધ ન હતી કારણ કે દાવો કરવામાં ન આવ્યો હોય એવી થાપણોની કોઇ યાદી તૈયાર કરવામાં આવતી ન હતી.

3.6 ગેરરીતિ, નુક્સાન અને ઉચાપત

ગેરરીતિ, નુક્સાન, ઉચાપત વગેરેના ₹ 16.26 કરોડ સરકારના નાણા (માર્ચ 2019 સુધી) સંકળાયેલા હતા એવા 164 કેસો જેમાં નિર્ણાયક પગલા બાકી હતા તેની રાજ્ય સરકારે જાણ કરી હતી. પડતર કિસ્સાઓની વિભાગવાર વિગતો અને આવા કિસ્સાઓનું વય મુજબ પૃથક્કરણ **પરિશિષ્ટ 3.4** માં આપ્યું છે. આ કેસોનું ત્રણ વર્ગોમાં વર્ગીકરણ **પરિશિષ્ટ 3.5** માં દર્શાવ્યુ છે. પડતર કિસ્સાઓની વયવાર વિગતોનો સારાંશ **કોઠો 3.7** માં આપ્યો છે.

[21] ગુજરાતની વડી અદાલત, જીલ્લા ગ્રામ્ય અદાલત, મીરઝાપુર, અમદાવાદ, સીટી સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ અને સીવીલ કોર્ટ, ધોળકા

કોઠો 3.7: ગેરરીતિ, નુક્સાન, ઉચાપત વગેરે કેસોની વય મુજબ વિગતો

વર્ષોમાં ગાળો	કેસોની સંખ્યા	સંકળાયેલી રકમ (₹ કરોડમાં)
5 સુધી	42	7.63
5 – 10	16	0.63
10 – 15	19	1.82
15 – 20	13	5.53
20 – 25	12	0.11
25 અને વધુ	62	0.54
કુલ	**164**	**16.26**

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોમાંથી PAG(E&RSA) અને PAG(G&SSA) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

164 કેસો પૈકી, નર્મદા, જળ સંપત્તિ. પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ પાસે 23 કેસો હતા અને મહેસૂલ વિભાગ પાસે 22 કેસો હતા જે 25 કરતાં વધારે વર્ષોથી પડતર હતા.

164 માંથી 118 કેસોમાં પ્રથમદર્શી માહિતી અહેવાલો (FIR) નોંધાવવામાં આવ્યા હતા. બાકીના 46 કેસો[22] છ વિભાગોને લગતા હતા. ઉચાપતના તમામ 46 કેસોમાં વિભાગીય કાર્યવાહી પ્રગતિમાં હતી. સંબંધિત વિભાગોએ આ કેસોમાં FIR વહેલી તકે નોંધાવવાની જરૂર છે.

ઉચાપત, નુક્સાન અને ગેરરીતિઓ પડતર હોવા માટેના કારણોની યાદી **કોઠો 3.8** માં છે.

કોઠો 3.8: ગેરરીતિ, નુકસાન, ઉચાપત વગેરેના કિસ્સા પડતર હોવાના કારણો

પડતર કેસોના વિલંબ/બાકી હોવા માટેના કારણો		કેસોની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
1.	ખાતાકીય અને ફોજદારી તપાસ બાકી	28	0.93
2.	ખાતાકીય પગલાંની શરૂઆત થઇ પરંતુ અંતિમ નિર્ણય બાકી	27	0.84
3.	ફોજદારી કાર્યવાહી પૂર્ણ થઇ પરંતુ બાકી રકમની વસૂલાતનું પ્રમાણપત્ર આપવાનું બાકી	3	0.66
4.	વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી	33	0.27
5.	અદાલતમાં કેસ ચાલુ	72	13.54
6.	અન્ય	1	0.02
કુલ		**164**	**16.26**

સ્રોત: સંબંધિત વિભાગોએ રજુ કરેલી વિગતોમાંથી પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઓડિટ) અને પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર ઓડિટ) ની કચેરીઓ દ્વારા એકત્રિત માહિતી

એવુ જોઇ શકાય છે કે, 164 માંથી 72 કેસો (43.90 ટકા) કાયદાકીય ન્યાય-નિર્ણયની પ્રક્રિયામાં હતા.

---

22 વન અને પર્યાવરણ– 20 કેસો; આરોગ્ય અને કુટુંબ કલ્યાણ– 01 કેસ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર– 17 કેસો; માર્ગ અને મકાન– 06 કેસો; મહેસૂલ– 01 કેસ; અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી– 01 કેસ

3.7 સર્વસંગ્રાહક ગૌણ સદર 800 નો ઉપયોગ

સર્વસંગ્રાહક ગૌણ સદર-800 ઉપલબ્ધ યોજનાકીય ગૌણ સદરોમાં વર્ગીકરણ ન કરી શકાય એવા ખર્ચનો સમાવેશ કરે છે.

સર્વસંગ્રાહક ગૌણ સદર 800-અન્ય ખર્ચ/આવક હેઠળ મોટી રકમનું અંદાજકામ નાણાકીય અહેવાલોની પારદર્શકતાને અસર કરે છે કારણ કે તે સરકારની જુદી જુદી ચોક્કસ પ્રવૃત્તિઓ સાથે અસંમત હોઈ તેવી માહિતી હિસાબોમાં અલગથી દર્શાવવામાં નિષ્ફળ રહે છે.

2018-19 દરમિયાન, એકંદરે ₹ 11,133.79 કરોડનો ખર્ચ જે રાજ્યના કુલ ખર્ચના[23] (₹ 1,78,014.97 કરોડ) 6.25 ટકા થાય છે તેનું વર્ગીકરણ મહેસૂલ અને મૂડી વિભાગ હેઠળ 64 મુખ્ય સદરોમાં ગૌણ સદર "800-અન્ય ખર્ચ" હેઠળ કરવામાં આવ્યુ હતું. મુખ્ય વિભાગો જેમણે 2018-19 દરમિયાન મુખ્ય સદર-800 હેઠળ મોટી રકમોની નોંધ કરી હતી તે હતા ઉદ્યોગ અને ખાણ; નર્મદા, જળ સંપત્તિ. પાણી પુરવઠા અને કલ્પસર; અને કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ.

કેટલાક મુખ્ય સદરો[24] હેઠળ, 96 ટકા થી 100 ટકા વચ્ચેના ખર્ચની નોંધ સર્વસંગ્રાહક ગૌણ સદર -800 હેઠળ કરવામાં આવી હતી.

2018-19 દરમિયાન કોઇ એક ચોક્કસ મુખ્ય સદર હેઠળના ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં અધિકના ખર્ચની નોંધ કરવામાં આવી હોય એવા કેસો દ્રષ્ટાંતરૂપે **ચાર્ટ 3.1** માં આપ્યા છે.

ચાર્ટ 3.1: મુખ્ય સદરો જેમાં 2018-19 દરમિયાન ₹ 100 કરોડ કરતાં વધારે ખર્ચ ગૌણ સદર 800 હેઠળ નોંધવામાં આવ્યો હતો

સ્રોત: ગુજરાત સરકારના વર્ષ 2018-19 ના નાણાકીય હિસાબો

---

23 મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ, લોન અને પેશગીની ચૂકવણી અને જાહેર ઋણની પરત ચૂકવણી નો સમાવેશ થાય છે.

24 2075: પરચુરણ સામાન્ય સેવાઓ– ₹ 40.56 કરોડ માંથી ₹ 39.82 કરોડ (98.17 ટકા) ની નોંધ મુખ્ય સદર 4236 હેઠળ: પોષણ માટે મૂડી જોગવાઇ, – ₹ 43.51 કરોડનો પૂરેપૂરો ખર્ચ (100 ટકા); મુખ્ય સદર 4408: અન્ન સંગ્રહ અને વખાર માટેના મૂડી જોગવાઇ નોંધવામાં આવ્યો હતો–₹ 90.48 કરોડમાંથી ₹ 89.34 કરોડ કરોડ (98.74 ટકા) ની નોંધ કરવામાં આવી હતી; મુખ્ય સદર 2852: ઉદ્યોગ– ₹ 2,526.35 માંથી ₹ 2,418.74 કરોડ (95.74 ટકા) ની નોંધ કરવામાં આવી હતી.

મુખ્ય સદર 2236, 2515, 2851, 2852 અને 3054 માં, સંબંધિત વિભાગો છેલ્લા ત્રણ વર્ષ થી સતત ₹ 100 કરોડ કરતાં અધિકના ખર્ચ ની નોંધ ગૌણ સદર-800 હેઠળ કરતા હતા. આ વિભાગો હતા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; નાણા; સામાન્ય વહીવટ; ઉદ્યોગ અને ખાણ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર; પંચાયતો, ગ્રામિણ આવાસ અને ગ્રામ વિકાસ; માર્ગ અને મકાન; મહિલા અને બાળ વિકાસ; ગૃહ અને સામાજીક ન્યાય અને સશક્તિકરણ.

એ જ રીતે, 2018-19 દરમિયાન, મહેસૂલી આવક એકંદરે ₹ 4,248.48 કરોડ, જે રાજ્યની કુલ[25] આવક (₹ 1,79,364.01 કરોડ) ના 2.37 ટકા થાય છે તેનું વર્ગીકરણ મહેસૂલ વિભાગ હેઠળના 53 મુખ્ય સદરોમાં સર્વસંગ્રાહક ગૌણ સદર "800-અન્ય આવક" હેઠળ કરવામાં આવ્યુ હતું. મુખ્ય વિભાગો જેમણે 2018-19 દરમિયાન ગૌણ સદર-800 હેઠળ મોટી રકમોની નોંધ કરી હતી તે હતાઃ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; નાણા, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર; અને શહેરી વિકાસ અને શહેરી આવાસન.

આવકની 100 ટકા નોંધ ગૌણ સદર 800 હેઠળ કરવામાં આવી હોય એવા કેસો કુટંબ કલ્યાણ (મુખ્ય સદર 0211), અન્ન સંગ્રહ અને વખાર (મુખ્ય સદર-0408), ઉર્જાના બિન-પરંપરાગત સ્ત્રોતો (મુખ્ય સદર-0810), પ્રવાસન (મુખ્ય સદર-1452), અન્ય ખાસ વિસ્તારોના કાર્યક્રમો (મુખ્ય સદર-0575), પાવર (મુખ્ય સદર-0801), જમીન સુધારણા (મુખ્ય સદર-0506), નાગરિક પુરવઠો (મુખ્ય સદર-1456), અને અન્ય રાજકોષીય સેવાઓ (મુખ્ય સદર-0047) માં હતા.

2018-19 દરમિયાન એક ચોક્કસ મુખ્ય સદરના ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ કરવામાં આવી હતી એવા કિસ્સા દ્રષ્ટાંત રૂપે **ચાર્ટ 3.2** માં આપ્યા છે.

ચાર્ટ 3.2: 2018-19 દરમિયાન ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ કરવામાં આવી હતી એવા મુખ્ય સદરો

સ્ત્રોતઃ વર્ષ 2018-19 ના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો

[25] કુલ આવક માં કર આવક, બિન-કર આવક, કેન્દ્રિય વેરા અને જકાતનાં હિસ્સો, ભારત સરકાર તરફથી સહાયક અનુદાન, પરચુરણ મૂડી આવક, લોન અને પેશગીઓની વસૂલાત અને જાહેર ઋણની આવકો સામેલ છે.

મુખ્ય સદરો 0035, 0049 અને 0700 માં, વિભાગો છેલ્લા ત્રણ વર્ષ થી સતત ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ ગૌણ સદર-800 હેઠળ કરતા હતા.

એવુ પણ ધ્યાન પર આવ્યુ હતું કે ગૌણ સદર-800 માં ખર્ચ 2016-17 માં ₹ 8,608.12 કરોડ હતો તે સતત વધતો રહીને 2018-19 માં ₹ 11,133.79 થયો હતો જ્યારે એ જ ગૌણ સદર હેઠળ મહેસૂલી આવકમાં એ જ સમયગાળામાં વધઘટ થઇ હતી અને 2016-17 ની ₹ 16,471.60 કરોડ થી 2017-18 માં ₹ 2,336.52 કરોડ અને છેવટે 2018-19 માં ₹ 4,248.48 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારે સંબંધિત ગૌણ સદર-800 હેઠળ ખર્ચ અને આવકનું વર્ગીકરણ ઓછામાં ઓછુ થાય એવુ કરવા માટે વધુ પ્રયત્નો કરવા જોઇએ.

3.8 હિસાબો પર ટિપ્પણી

3.8.1 હિસાબોની ચોક્સાઇને અસર કરતા અગત્યના પરિબળો

સરકારના હિસાબો રોકડ આધારે નિભાવવામાં આવે છે. સરકારના હિસાબમાં ઉદ્ભવતા કેટલાક વ્યવહારો જેની આવક અને ચૂકવણીની નોંધ તેના પ્રકારની માહિતીના અભાવે અથવા અન્ય કોઇ પણ કારણસર આવક અથવા ચૂકવણીના નિર્ણાયક મુખ્ય સદર હેઠળ તાત્કાલિક નોંધ ન થઇ શકે તેને કામચલાઉ રીતે "ઉચ્ચક સદર" હેઠળ નોંધવાના હોય છે. સંબંધિત વિગતો/માહિતી મળ્યા બાદ જ્યારે આ રકમોની નોંધ હિસાબોના છેવટના સદરમાં કરવામાં આવે છે ત્યારે આ સદરોને ઋણ ઉધાર અથવા ઋણ જમા દ્વારા છેવટે દૂર કરવામાં આવે છે. જો આ હિસાબો દૂર કરવામાં ન આવે તો ઉચ્ચક સદરમાં સિલકોમાં વધારો થતો રહેશે અને સરકારના આવક અને ખર્ચનું સાચું ચિત્ર રજુ કરશે નહીં. ઋણ, થાપણ અને ભરણાંમાં આવા વ્યવહારો સમાવવામાં આવે છે જેમાં સરકાર, પ્રજાના નાણાના રખેવાળ તરીકે, આવા નાણા મેળવીને થાપણ રૂપે સાચવે છે.

મુખ્ય ઉચ્ચક હિસાબો હેઠળના વ્યવહારોની સામાન્ય સમીક્ષામાં નીચે મુજબ જોવા મળ્યું હતું:

3.8.1.1 મુખ્ય ઉચ્ચક હિસાબ હેઠળ પડતર સિલકો

હિસાબોના કેટલાક મુખ્ય ઉચ્ચક સદરો હેઠળની સિલકો, મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા નિભાવવામાં આવતી ખાતાવહીમાં નોંધવામાં આવેલ છે તે **કોઠો 3.9** માં દર્શાવી છે.

કોઠો 3.9: ઉચ્ચક સદર (8658 – ઉચ્ચક હિસાબ)

